# આધ્યાત્મિક કેડી


તંત્રી–સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

મા ગાયત્રી

ૐ

મા

ૐ




પૂ. રાજયોગી નરેન્દ્રજી

ૐ

મા

ૐ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ।।

વર્ષ ૧૩ ] ઓક્ટોબર ૧૯૯૮ [ અંક ૨

Scanned by CamScanner

ૐ મા ૐ



ૐ મા ૐ

# નૂતન વર્ષે રાજયોગીના આશીર્વાદ

આજ મંગલ ઘડી, આવ્યું શુભ પ્રભાત
સાથમાં નવા વર્ષ તણો થાળ,
ભર્યાં સુખ, સમૃદ્ધિ, આયુષ્ય,
અધ્યાત્મિક ઉત્કર્ષ તણી વાનગીઓ થાળમાં
મમ આશ થાળ તણી
વાનગીઓ માણતા રહો.

"આશીર્વાદ"

— રાજયોગી નરેન્દ્રજી

Scanned by CamScanner

॥ ૐ મા ૐ ॥



*

**વાર્ષિક લવાજમ**
**રૂપિયા દસ**

*

**: પ્રકાશક :**

શ્રી કૈલાસબહેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોપા' બંગલો, ત્રિમૂર્તિ
સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ
બંગલા સામે, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ – ૩૮૦ ૦૧૫

*

**: મુદ્રક :**

કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

# આધ્યાત્મિક કેડી

**શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ ૩૮૦ ૦૧૫**

**વર્ષ ૧૩ ] * ઓક્ટોબર-૧૯૯૪ * [ અંક ૨**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પરમ શક્તિનો સાક્ષાત્કાર | રાજયોગી નરેન્દ્રજી | ૨ |
| પૂજન અને પવિત્રતા | ,, ,, | ૭ |
| શ્રીકૃષ્ણની અપ્રગટ વાતો | ,, ,, | ૧૧ |
| પ્રભુને ગળે લટકવા | ,, ,, | ૧૬ |
| સંયોગ રાજયોગી ને માત તણો | ,, ,, | ૧૮ |
| ઝૂલાનો મર્મ | હેમંત ઉપાધ્યાય | ૨૯ |
| ઝૂલો એટલે ? | રાજયોગી નરેન્દ્રજી | ૩૦ |
| સમાચાર | ... | ૩૨ |


**હવે પછીનાં વર્ષોમાં 'આધ્યાત્મિક કેડી'ના ફક્ત બે અંક એપ્રિલ અને ઓક્ટોબર માસમાં પ્રગટ થશે તેની સર્વે વાચકોએ નોંધ લેવી.**

Scanned by CamScanner

# પરમ શક્તિનો સાક્ષાત્કાર

રાજયોગી નરેન્દ્રજી

તા. ૬-૯-'૯૪ને મંગળવારે વહેલી સવારે ૨ કલાક ૨૦ મિનિટે માતાજી મારી રૂમમાં પધાર્યાં. પલંગ પાસે ઊભાં રહી મારો હાથ હલાવીને મને ઊઠાડયો. માતાજીનો સ્પર્શ થતાં જ સફાળો બેઠો થઈ ગયો. હર્ષાવેશમાં પલંગમાંથી નીચે ઊતરી તેમને ચરણવંદન કર્યાં, અને ચરણમાં જ બેસી ગયો.

માતાજી મારા પલંગમાં મધ્યમાં બેસી ગયાં. ચરણ આસન પર ટેકવ્યાં હતાં. મને ઊંચકીને તેમની બાજુમાં જ બેસાડી દીધો અને મારા બરડે અને મસ્તક પર વાત્સલ્યસભર હસ્ત ક્યાંય સુધી પસવાર્યા કર્યો. મને બહુ જ વહાલ કર્યું.

હું ઊઠીને પ્રસાદ માટે તૈયાર કરેલ સર્વિસ-ટ્રોલી પલંગ પાસે લઈ આવ્યો અને માતાજીને પ્રસાદ આપ્યો. માતાજીએ પ્રેમથી પ્રસાદ આરોગ્યો. જગમાંથી ગ્લાસમાં પાણી આપ્યું. માતાજીએ એક ગ્લાસ પાણી પીધું. ફરીથી મેં બીજો ગ્લાસ ભરીને પાણી આપ્યું. બીજા ગ્લાસમાંથી અડધો ગ્લાસ પાણી પીધું અને થોડું રહેવા દીધું. માતાજીએ ટ્રોલી પર રાખેલ ટ્રેમાં બદામ પધરાવી.

માતાજીએ રૂમની લાઈટ ચાલુ કરી નહોતી. પરંતુ તેમના મુખારવિંદના પ્રકાશથી જ સમગ્ર રૂમમાં પ્રકાશ પથરાયો હતો.

મને વહાલ કરતાં કરતાં માતાજીએ મારા કાર્યયજ્ઞ વિષે અને બીજી વહાલપની ઘણી બધી વાતો કરી. માતાજી પંદર મિનિટ રોકાયાં.

માતાજીએ આછા લાલરંગની સાડી અને આછાં આભૂષણો પરિધાન કર્યાં હતાં. વાળની સેર લીધી હતી.

સમગ્ર વાતાવરણ મોગરાની સુવાસથી મહેકતું હતું. ૨ કલાકને ૩૫ મિનિટે પ્રકાશના ઝબકારે માતાજી અદૃશ્ય થઈ ગયાં.

માતાજીએ પધરાવેલ બદામ પાછળથી ગણતાં ૬૩ થઈ હતી.

આવતી કાલે સાતમીએ મારી ૬૩મી વર્ષગાંઠ છે.



Scanned by CamScanner

# પૂજન અને પવિત્રતા

રાજયોગી નરેન્દ્રજી

**ગાયત્રી માતાના વહાલાં બાળકો,**

આપ બધા સંગીતની સુરાવલિમાં તરબોળ થઈ ગયા એક કલાક માટે. એ સંગીતના સૂર હતા. એમાં તમે આનંદમાં તરબોળ થઈ ગયા. જ્યારે મારું જે કહેવાનું છે એનો છેડો જુદો છે. આ સંગીતમાં તમે તરબોળ થયા, સંગીતની અંદર તમારું હૃદય એકદમ નાચી ઊઠ્યું. જ્યારે હું જે કહીશ તે થોડું અઘરું પડશે. કડવું પડશે. કારણ કે એ બે છેડા છે. સંગીતના અને આધ્યાત્મિકતાના. એટલે એ જરા ધીરે ધીરે પણ આવી જશે.

જે ભાઈઓએ સંગીત રજૂ કર્યું તે બહુ સુંદર રજૂ કર્યું. પણ એમાં એક ટકોર કરી કે 'રંગાઈ જાવું છે.' શેનાથી રંગાઈ જાવું છે? કઈ ચીજથી રંગાવું છે? ભક્તિથી રંગાવું છે. ભક્તિના રસથી ડૂબી જવું છે એટલે એમાં પણ ભક્તિનો સૂર છે. સંગીતની અંદર પણ ભક્તિ આવી શકે છે.

અને છેલ્લે મુંજાલભાઈએ કહ્યું કે અમે તમારા છીએ ને ધ્યાન રાખજો ને બહુ કર્યું છે તે થોડું ઘણું સમજો. પણ હું કહું છું કે તમે જે રજૂ કર્યું છે તેના ભાર નીચે તો હું દબાઈ જાઉં છું. અત્યારે જે જે રજૂ કર્યું એનાથી સુંદર રજૂઆત કરી છે ને જે ટીમે કામ કર્યું છે તે પણ સુંદર છે.

હવે જે હું કહીશ અત્યારે તેમાં ભાષા, વ્યાકરણ ને શાસ્ત્ર એ મારું અંગત હશે. તમને કોઈ જગાએ જડશે નહિ.

"આવિયાં સર્વ પ્રેમથી ગુરુપૂજન કાજ,
કીધું ગુરુપૂજન નિજ ગૃહે પરત
ચીલાચાલુ પૂજન કીધું, આવ્યું ન કાંઈ પાસ,
મનન કીધું, શું લાધ્યું પૂજન થકી?"

આ મેં ગઈ કાલે સાંજે કહ્યું હતું કે ઘરે જઈ મનન કરજો. વિચાર કરજો. કર્યો હશે વિચાર. મનન પણ કર્યું હશે પણ હું જણાવું છું.

આપ બધા પ્રેમ થકી અત્રે આવ્યા પૂજન કર્યું અને પરત થયા. પરંતુ આ પૂજન તો ચીલાચાલુ વર્ષોથી થતું આવ્યું છે. તમે પોતે કદી વિચાર કર્યો કે આ પૂજનમાંથી શું મેળવ્યું? અને શું મેળવવાનું છે, શું સમજવાનું, વગેરે.

પહેલાં તો હું એ જણાવું કે ગુરુ એટલે શું? ગુરુનું શું કાર્ય હોઈ શકે?

**ગુરુનો અર્થ મારી મુજબ –**

ગ – ગંગા. ગંગાનાં નીર જેવું સ્વચ્છ અને પવિત્ર જેનું જીવન હોય તે.



Scanned by CamScanner

ઉ – ુનો આકાર સાત. જેવો થાય, એટલે તેનો અર્થ સાત થાય. સૂર્ય નિરંતર ફરે છે. તેના રથમાં સાત અશ્વો છે. તે સાત અશ્વોને એક જ હાથમાં કાબૂમાં રાખે છે. તેવી જ રીતે જે પોતાની સાત ઇન્દ્રિયોને કાબૂમાં રાખી શકે.

અત્યાર સુધીમાં આપણે પાંચ ઇન્દ્રિયો જાણતા હતા પરંતુ મારા મત મુજબ સાત ઇન્દ્રિયો છે. જે નીચે મુજબ છે:

નેત્રેન્દ્રિય, શ્રવણેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, સ્વાદેન્દ્રિય, જનનેન્દ્રિય અને વધારાની બે તે હસ્તેન્દ્રિય અને પાદેન્દ્રિય. આમ કુલ સાત ઇન્દ્રિયો થાય. એ સાત ઇન્દ્રિયોને આપણે વશ કરવાની છે. એક લગામમાં રાખવાની છે.

હું હાથને પણ ઇન્દ્રિય કહીશ. કારણ કે હાથને પણ સ્પર્શ છે. તમને ઠંડું લાગ્યું. ગરમ લાગ્યું. એ સ્પર્શ થાય છે. ને હાથ તમારી બધી જ ક્રિયાઓ કરે છે. માટે હાથને પણ ઇન્દ્રિય કહી શકીએ છીએ. અને પગ આપણા. પગને પણ આપણે ઇન્દ્રિય તરીકે ગણી શકીએ. એને પણ સ્પર્શ છે. ઠંડું લાગે છે. ગરમ લાગે છે. સ્પર્શ કરી શકીએ છીએ અને હાથ-પગથી આપણે ઘણાં કાર્યો કરી શકીએ છીએ. અમુક કાર્યો આપણી શ્રવણેન્દ્રિય કરે છે, પણ એને સ્પર્શ નથી. એટલે આપણા હાથને અને પગને પણ આપણે ઇન્દ્રિય ગણીશું આજથી. એટલે આપણે પાંચ ઇન્દ્રિયો નહિ, પણ સાત ઇન્દ્રિયો ગણવાની અને સાતે ય ઇન્દ્રિયોને કબજામાં રાખવાની છે.

---

"ગુરુ એટલે રક્ષક. આધ્યાત્મિક ચોકીદાર. જે સતત તમારી આગળ-પાછળ અંતરિક્ષમાં રહીને સદાય તમારી ચોકી કરે, રક્ષણ કરે. તમે કોઈ પણ કાર્ય સારું અગર નરસું કરતાં પહેલાં ગુરુને યાદ કરો. સત્કર્મ કરો ખરા, પરંતુ ખોટું કામ કરતાં પહેલાં ગુરુ તમારા મનને-બુદ્ધિને રોકશે કે આ કાર્ય થાય નહિ. પણ ક્યારે? તમે યાદ કરો ત્યારે."

---

ર – રક્ષણ કરનાર. આધ્યાત્મિક રક્ષણ કરનાર.

ઉ – ુનો અર્થ ઊર્ધ્વગતિ – એટલે આધ્યાત્મિક રક્ષણ કરીને ઊર્ધ્વગતિમાં જવું.

ગુરુનો અર્થ જેનું જીવન ગંગા જેવું હોય અને જે તમોને આધ્યાત્મિક રક્ષણ આપે ને આધ્યાત્મિક ઊર્ધ્વગતિ કરે.

મારા મત મુજબ ગુરુ એટલે રક્ષક. આધ્યાત્મિક ચોકીદાર. જે સતત તમારી આગળ-પાછળ અંતરિક્ષમાં રહીને સદાય તમારી ચોકી કરે, રક્ષણ કરે. તમે કોઈ પણ કાર્ય સારું અગર નરસું કરતાં પહેલાં ગુરુને યાદ કરો. સત્કર્મ કરો ખરા, પરંતુ ખોટું કામ કરતાં પહેલાં ગુરુ તમારા મનને-બુદ્ધિને રોકશે કે આ કાર્ય થાય નહિ. પણ ક્યારે? તમે યાદ કરો ત્યારે. ઘણાને આ વાતનો અનુભવ હશે અને ન હોય તો કરી જોજો. દરેક વખતે તમને માર્ગદર્શન મળતું રહેશે.

મારી પાસે શેકબંધ દાખલાઓ મોજૂદ છે. દા. ત. કોઈ આપઘાત કરવા ગયા. કોઈ ચોરી કરવા ગયા. કોઈ કોઈનું અહિત કરવા ગયા. કોઈ કોઈની છેતરપિંડી કરવા ગયા. કોઈને બહેનો પ્રત્યે કુબુદ્ધિ સૂઝી. આ બધામાં કોઈને ફક્ત યોગાનુયોગ ગુરુના ફોટાનાં દર્શન થઈ ગયા અને અંતરમાંથી અવાજ



Scanned by CamScanner

આવ્યો કે આ કાર્ય મારાથી થઈ શકે નહિ અને તે બધા રોકાઈ ગયા. ફક્ત દર્શન કરવાથી અને યાદ કરવાથી ગુરુ ચોમેર તમારું રક્ષણ કરે છે. માટે ગુરુ એક રક્ષક છે. આધ્યાત્મિક ચોકીદાર છે. આ ગુરુની વ્યાખ્યા.

યાદ કરો ગોવર્ધન પર્વત ઊંચકીને શ્રીકૃષ્ણે જનસમુદાયનું રક્ષણ કર્યું હતું. શ્રીરામે રાક્ષસોનો સંહાર કરી ઋષિ-મુનિઓનું રક્ષણ કર્યું હતું. એટલે ગુરુ એક ભેદી કવચ છે. જે તમારી આગળ-પાછળ ચોવીસ કલાક સતત જાગૃત હોય છે. તમારો પડછાયો તો તમોને સૂર્યના પ્રકાશમાં તમારી સાથે જણાશે. જ્યારે ગુરુને યાદ કરતા રહો તો તમોને માર્ગદર્શન મળતું રહે.

ગુરુપૂજન એટલે શું ?

પૂ-પુણ્ય, જ-જશ, સમૃદ્ધિ સંપત્તિ વગેરે. ન-નફકરા. કોઈ પણ જાતની ફિકર નહિ.

એટલે પૂજનનો અર્થ એવો કે હે ગુરુ, અમે તમારું પૂજન કરીએ છીએ. અમોને પુણ્ય આપો. અમારાં પાપોને બાળી નાંખો. અમને સુખ-સમૃદ્ધિ આપો અને સંસારમાં કોઈ પણ જાતની ફિકર-ચિંતા ન રહે એવું કરો. આ પૂજનનો અર્થ.

યાદ કરો કેવટનો શ્રીરામ સાથેનો પ્રસંગ. રામાયણમાં રામના પાદ-પ્રક્ષાલનનું પૂજન એક જ વખત થયું છે. અને કેવટે કેટલું બધું મેળવી લીધું. રામાયણમાં એક જ જણે રામનું પૂજન કર્યું છે. આખા રામચરિત્ર માનસમાં કેવટ એટલો જ નસીબદાર નીકળ્યો કે તેને શ્રીરામના પાદ-પ્રક્ષાલન કરવાનો મોકો મળ્યો.

---

બહેનોએ-માતાઓએ એ ચાંલ્લાના પ્રતીકને યાદ કરીને પોતાના પતિ પ્રત્યે જ વફાદારી દર્શાવવાની છે. તેની જિંદગીમાં પોતાનો પુરુષ એ જ શ્રેષ્ઠ છે અને તેના પ્રત્યેજ પોતાના તનની ન્યોછાવરી હોવી જોઈએ. અન્ય કાંઈ નહિ.

---

હવે પ્રશ્ન આવે છે કે શા માટે ગુરુના પાદ-પ્રક્ષાલન કરવામાં આવે છે? હાથ નહિ, મસ્તક નહિ ને પાદ-પ્રક્ષાલન —

શા માટે પાણીથી પાદ-પ્રક્ષાલન કરવામાં આવે છે?
શા માટે ચંદન લગાડવામાં આવે છે?
શા માટે કંકુ લગાડવામાં આવે છે?
શા માટે ફૂલ ચડાવવામાં આવે છે?
શા માટે અત્તર લગાડવામાં આવે છે?

આ બાબતનો કદી વિચાર કર્યો છે?

પાદ-પ્રક્ષાલન એટલે શિષ્યની શરણાગતિની ભાવના. કોઈના ચરણ ક્યારે પકડાય કે જ્યારે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી હોય અને હું તમારે શરણે આવ્યો છું. તમારે જે કરવું હોય તે કરો. અને શરણે આવનારનું કદી ય અહિત થતું નથી. પરંતુ જે કાંઈ ગતિ થાય છે તેના ગર્ભમાં કોઈ છુપાયું હોય છે.

પાણીથી પાદ-પ્રક્ષાલન કરવામાં આવે છે. પાણી પોતે પવિત્ર છે. આ તેનો ગુણધર્મ છે. પાણી એટલે — પા-પાણી, ણી-પુણ્ય. પાણીમાં બે ભેગા થાય પાપ અને પુણ્ય.



Scanned by CamScanner

આપના ચરણકમળમાં હું પાણી ચઢાવું છું. તો મારામાં જે કાંઈ પાપો હોય તેનો નાશ કરી મને પવિત્ર બનાવો ને મારાં પુણ્યનો ઉદય કરો.

ચંદન શા માટે લગાડવામાં આવે છે ?

**ચંદનનો અર્થ — ચ – ચંચળ, દ – દમન, ન – નાથવું.**

આજના શુભ દિને અમો આપને ચંદન લગાવીએ છીએ. અમારી ચંચળ વૃત્તિઓનું, ચંચળ મનનું દમન કરો ને ચંચળ વૃત્તિઓને તમો નાથો. જેથી કરીને અમો નિર્મળ બની જઈએ.

શા માટે કંકુ લગાડવામાં આવે છે ?

**કંકુનો અર્થ — ક – કમળ, કુ – કુકર્મ, ખરાબ કર્મો.**

કંકુનો રંગ લાલ એ ભયની નિશાની છે. ભયની ચેતવણી છે. શા માટે બહેનો, માતાઓ કંકુનો ચાંલ્લો કરે છે ? જ્યારે જ્યારે તેઓ પોતે આયનામાં જુએ અને લાલ રંગ કપાળમાં દેખાય ત્યારે એ રંગ ભયસૂચક છે. જેથી બહેનો અને માતાઓને ખ્યાલ રાખવાનો કે કંકુના ચાંલ્લાનો અર્થ એવો કે તે ચાલ્લાનું મારે રક્ષણ કરવાનું છે. કારણકે તે સૌભાગ્યનું પ્રતીક છે. બહેનો ને માતાઓને ભય તો

---

**તમારે તમારા ગુરુ તરીકેની પસંદગી કરવાની હોય ત્યારે વિચાર કરજો કે તેમનામાં રામ + કૃષ્ણ + માતાજીના ગુણધર્મો સમાયેલાં છે કે કેમ ? અને જેનામાં તમે આ ગુણોના દર્શન કરો તેને તમો આંખો મીંચીને ગુરુ તરીકે સ્વીકાર કરી લેજો.**

---

પોતાના શરીરનો હોય છે જેથી તે ભયની ચેતવણી રૂપ કુમકુમનો ચાંલ્લો છે. પોતાના શરીરના ભયની ચેતવણી માટે છે. એ જ્યારે જ્યારે અરીસામાં જુએ ત્યારે લાગે કે આ ભય છે, આ ચેતવણી છે મારા શરીર માટે. બહેનોએ–માતાઓએ એ ચાંલ્લાના પ્રતીકને યાદ કરીને પોતાના પતિ પ્રત્યે જ વફાદારી દર્શાવવાની છે. તેની જિંદગીમાં પોતાનો પુરુષ એ જ શ્રેષ્ઠ છે અને તેના પ્રત્યે જ પોતાના તનની ન્યોછાવરી હોવી જોઈએ. અન્ય કાંઈ નહિ.

આ આપના ચરણને કંકુને ચાંલ્લો કરું છું. હું કમળ જેવો પરમ તત્ત્વથી છૂટો પડી તમારે શરણે આવ્યો છું. મારા જે કાંઈ અત્યાર સુધીમાં જાણ્યે-અજાણ્યે જે કાંઈ ભૂલ થઈ હોય તેને મિટાવી દો ને કમળ જેવો સ્વચ્છ બનાવો. તમારા ચરણ પકડી લીધા છે, માટે બધી ભૂલોમાંથી મુક્તિ અપાવીને શુદ્ધ કરો ને નિર્મળ બુદ્ધિ આપો.

ફૂલ ચડાવવામાં આવે છે. અત્તર લગાડવામાં આવે છે. એનો અર્થ એ થાય કે ઉપરોક્ત બધી બાબતોથી અમે મુક્ત થઈ ગયા. નિર્મળ બની ગયા. અમારા સર્વ દોષો નાબૂદ થઈ ગયા.

ફૂલનો ગુણધર્મ સુવાસ ફેલાવવાનો, અત્તરનો ગુણધર્મ પણ સુવાસ ફેલાવવાનો. આમ આ બંનેના ગુણધર્મ એક જ છે.

આપના ચરણમાં અમો આ ફૂલ ને અત્તરને ધરીએ છીએ, જેથી અમોને એવું જીવન આપો કે અમારા સંસાર સાગરમાં સતત દરેક પથ પર ફૂલો જ આવી મળે. અને સંસાર સાગરની મહેક મહેકતી જ રહે તમારા જીવનમાં દરેક રસ્તા પર તમને ફૂલો જ મળતા રહે અને તમારું જીવન મહેકતું જ રહે. કેટલું બધું માંગી લીધું !

[ આધ્યાત્મિક કેડી, ઑક્ટોબર, '૯૪



Scanned by CamScanner

આ ગુરુપૂજનનો અર્થ મારી દૃષ્ટિએ તમોને સમજાવી દીધો. તમોએ ગુરુપૂજન કરીને કેટલું કેટલું મેળવી લીધું તેનો શાંતિથી બેસીને વિચાર કરજો. મનન કરજો અને તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરજો.

શરૂઆતની પંક્તિઓમાં મેં કહ્યું હતું : "મનન કીધું શું લાધ્યું ગુરુપૂજન થકી ?" આપના બધાનો જવાબ :

પૂજન થકી
લાધ્યું અમોએ રક્ષા કવચ
લાધ્યું અમોએ તન-મન-ધન તણી પવિત્રતા.
મુજ શીખ;
પ્રાપ્ત કીધું રાખજો હૃદયમાં
અન્યથા કમળ તણી પાંખડીઓ ખરી જાશે.

## ગુરુપૂર્ણિમા એટલે શું ?

ગુરુનો અર્થ ઉપર સમજાવ્યો કે આધ્યાત્મિક ચોકીદાર, રક્ષણ કરનાર.

**પૂર્ણિમા એટલે શીતળતા, પ્રકાશ.**

હે ગુરુ, અમારા જીવનમાં તમો રક્ષક બનીને પ્રકાશ આપો, શાંતિ આપો.

પૂર્ણિમાનો બીજો અર્થ મારી દૃષ્ટિએ. **પૂ — એટલે મર્યાદા પુરુષોત્તમ રામ.**

મર્યાદા પુરુષોત્તમ રામ કેવા હતા ? કેમ એ મર્યાદા પુરુષોત્તમ કહેવાયા ?

એક દાખલો હું તમને આપું.

જ્યારે રામ લંકા જીતી પાછા અયોધ્યામાં આવ્યા. આવીને રાજ્યાભિષેક હજી નહોતો થયો. પરંતુ તે વખતે રાવણ વંશનો એક રાક્ષસ જીવતો રહી ગયો હતો અને એણે કાળભૈરવની સાધના કરી હતી. ખૂબ કઠિન સાધના કરી ને કાળભૈરવને સાધ્યો. કાળભૈરવ પ્રસન્ન થયો ને રાક્ષસે કહ્યું : તું મને એક જ ચીજ આપ. શું ? રામનું મૃત્યુ. રામનું મૃત્યુ મને આપ. કાળભૈરવ કહે, મારી એ તાકાત નથી. રામ કદાપિ મૃત્યુ પામી શકે નહિ. રાક્ષસ કહે, તમારે આપવું જ પડશે. ખૂબ જીદ કરી. મેં તમારી સાધના કરી ને શા માટે મને વચન નહિ આપો. કાળભૈરવે વિચાર કરી કહ્યું કે જો રામમાં કોઈ પણ જાતની અપવિત્રતા સ્પર્શી જાય તો હું રામનું મૃત્યુ કરી દઉં. પણ એ મર્યાદા પુરુષોત્તમ છે. હજુ સુધી એ બધી રીતે પવિત્ર છે. માટે એને અપવિત્ર બનાવે તો તેનું મૃત્યુ આપું. બાકી મારાથી એનું મૃત્યુ ન થઈ શકે. તો શું કરું ? તો કહે, બે દિવસની વાર છે. રામે સીતાને મળતાં પહેલાં કહેવડાવ્યું છે કે આપણું જ્યારે પહેલું મિલન થાય – તે મિલન બાગમાં ગોઠવ્યું હતું સીતાજીને મળવા માટે અયોધ્યાની અંદર, તો સીતાજીને કહેવડાવ્યું હતું કે જે કંચુકી માટે આ યુદ્ધ થયું તો તે દિવસે તું મારી પાસે કંચુકી પહેરીને આવજે મળવા માટે. હવે પેલા રાક્ષસને કહ્યું કે આ સમયે સીતા આવવાનાં છે. તું સીતાનો વેશ ધારણ કરીને આગળ જા. જો રામજી સીતાને ભેટી પડે તો તરત હું એમનું મૃત્યુ આપી દઉં. પરંતુ જો એ નહિ ભેટે તો હું તને ભસ્મ કરી દઈશ. તો કહે બરાબર છે. રાક્ષસ તૈયાર થઈ ગયો. આબેહૂબ સીતાનું રૂપ ધારણ કર્યું. કપડાં પહેર્યાં. બધું કર્યું. અને આ બાજુથી રામ આવે છે. આ બાજુથી સીતા બનીને રાક્ષસ આવે છે ને છેક નજીક આવે છે. આવીને પાસે જવાની તૈયારી હોય



Scanned by CamScanner

છે ને રામ બે ડગલાં દૂર હટી જાય છે. આ ન હોય. આ સીતા ન હોય. તેમણે પારખી લીધું કે જે કંચુકી માટે તેમણે કહેવડાવ્યું હતું કે સીતા કંચુકી પહેરીને આવે. એ કંચુકી નથી પહેરી. એટલી રાક્ષસની ભૂલ થઈ ગઈ હતી ને તરત જ ત્યાં જ આગળ રાક્ષસને ભસ્મીભૂત કરી દીધો કાળભૈરવે ને રામ જીવિત રહ્યા. માટે મર્યાદા પુરુષોત્તમ આવા હતા. માટે એ મર્યાદા પુરુષોત્તમ કહેવાયા.

ર્ણિ – એટલે કૃષ્ણનો ણ. મા – એટલે માતાજી-શક્તિ.

આમ પૂર્ણિમા શબ્દની અંદર રામ + કૃષ્ણ + માતાજી ત્રણેનો સંગમ થયેલો છે. જેથી ત્રણેના ગુણધર્મો પૂર્ણિમા શબ્દની અંદર આવી જાય છે. પૂર્ણિમાની અંદર રામ આવ્યા, કૃષ્ણ આવ્યા, માતાજી આવ્યા માટે એ પૂર્ણિમા.

તમારા ગુરુ તમારું ક્યારે રક્ષણ કરે, ક્યારે શીતળતા, શાંતિ અર્પે કે તેમનામાં આ ત્રણેના ગુણોનો સંચય થયો હોય ત્યારે. આ બહુ સૂચક છે. એટલે જ્યારે પણ તમારે તમારા ગુરુ તરીકેની પસંદગી કરવાની હોય ત્યારે વિચાર કરજો કે તેમનામાં રામ + કૃષ્ણ + માતાજીના ગુણધર્મો સમાયેલા છે કે કેમ? અને જેનામાં તમે આ ગુણોના દર્શન કરો તેને તમો આંખો મીંચીને ગુરુ તરીકે સ્વીકાર કરી લેજો. પછી તમારી ગુરુપૂર્ણિમા અને તમો ધન્ય બની જશો.

---

"જે કાંઈ કરવાનું છે તે તમારે કરવાનું છે. સંત તો તમોને રસ્તો બતાવે, તે રસ્તા પર ચાલવાનું શીખવાડે, આંગળી પકડીને તમને ચલાવે, પરંતુ તમારા બદલે સંત ચાલે તે શક્ય ન બને. ચાલવાનું તો તમારે જ છે."

---

## મન, વચન ને કર્મની પવિત્રતા

હવે મન, વચન ને કર્મની પવિત્રતા પર આવું છું.

મન, વચન અને કર્મની પવિત્રતા એટલે શું? એનું પાલન કઈ રીતે થઈ શકે?

**પહેલા મન વિશે...**

જ્યારે જ્યારે આપણે કોઈ પણ કાર્યની શરૂઆત કરીએ ત્યારે પહેલાં મનમાંથી વિચાર ઉપસ્થિત થાય છે. મનમાં એટલા બધા વિચારો સારા, નરસા અને ન ધાર્યા હોય એવા વિચારો આવે છે. આ વિચારો કેમ આવે છે? શું કરવા આવે છે? મનુષ્યે જન્મ લીધો ત્યારથી જ તેના વિચારો શરૂ થાય છે. આ વિચારો સારા હોય તો સત્કર્મ થાય અને નરસા હોય તો દુષ્કૃત્ય થાય. ખોટા વિચારો એટલે કોઈના અહિતના, કોઈને હેરાન કરવાના, સામા માણસને દુઃખ ઉત્પન્ન થાય એવું વિચારવાનો, એ વિચાર માત્ર પણ પાપ છે.

મનનો અર્થ મારી દૃષ્ટિએ : મ – મનુષ્ય, ન – નાગ.

આ નાગ મનુષ્યને તેના મનમાં પાપરૂપી વિચારોમાં ડોલાવે છે. પરંતુ મનુષ્યનું કર્તવ્ય છે કે ડોલતા નાગને નાથવાનું છે. જો તમે આ વિચારરૂપી નાગને નાથી લીધો. પછી તમારામાં કોઈ પણ જાતનો ખોટો-હલકો વિચાર નહિ આવે. અને કોઈ પણ જાતનું પાપકર્મ થઈ શકશે નહિ. સત્કર્મો જ થતા રહેશે. ફક્ત તમારે મનની પવિત્રતા માટે તમારા વિચારોરૂપી નાગને નાથો. તેના માટે સદ્‌વિચાર સદ્‌વાચન, સત્સંગ, અહમ્‌નો ત્યાગનો આશરો લેવો જોઈએ.

[ આધ્યાત્મિક કેડી, ઓક્ટોબર, '૯૪



Scanned by CamScanner

વચનની પવિત્રતા એટલે તમે પોતે કોઈ પણ વચન મુખરૂપી બારી વાટે બહાર કાઢો તે પહેલાં તેને સો ગળણે ગાળી જુઓ, તે પછી વચનને વહાવો.

વિચાર કરી જુઓ કે મારા વચનથી કોઈ ને વિશ્વાસઘાત થતો નથી ને. કોઈ નું અહિત તો થતું નથી ને. કોઈની લાગણી દુભાતી નથી ને. કોઈને દુઃખ ઉત્પન્ન થતું નથી ને. કોઈ ની માનહાનિ થતી નથી ને. અગર તો મારા વચનથી સમાજને, રાષ્ટ્રને કંઈ હાનિ પહોંચતી નથી ને. કારણ કે એવા ઘણા દાખલા છે કે વચન થકી યુદ્ધો ખેલાયા છે. યાદ કરો દ્રૌપદીના વચન થકી મહાભારતનું યુદ્ધ ખેલાયું. સીતાજીના વચન થકી રાવણ સાથે યુદ્ધ થયું.

દ્રૌપદીએ એટલું જ કહ્યું, આંધળાનાં આંધળા. આ વચન ઉપર જ દુર્યોધને યુદ્ધ આદર્યું.

સીતાજીએ વચન થકી સુવર્ણ મૃગની કંચુકી પહેરવાની માગણી કરી અને પછીનો ઇતિહાસ તમારી સમક્ષ મોજૂદ છે.

આજ વચનને લઈ ને ઘણાંને ઘેર ઘેર યુદ્ધો ખેલાય છે.

વચનનો અર્થ મારી દૃષ્ટિએ નીચે મુજબ છે :

**વ - વરસાદ રૂપી અમૃત પાણી, ચ - ચાંચડ, મચ્છર, જે ડંખ મારે છે, કરડે છે.**

**ન - નર-નારી**

આનો અર્થ એમ સમજવાનો કે જે નર–નારી છે તેમણે અમૃતરૂપી પાણી, પોતાના મુખરૂપી બારીમાંથી વરસાવવું, જેથી કરીને જગતમાં પોતાના મુખમાંથી અમૃતરૂપી વાણીનું પાન જગત કરે, પરંતુ જે વચનથી ચાંચડ રૂપે કરડતા વાણીના બાણ નીકળે ને વચનની પવિત્રતા ન જળવાય તેને ચાંચડ કહી શકાય.

**કર્મની પવિત્રતા :**

આમ તો મન, વચન અને કર્મમાં પવિત્રતાના ગુણધર્મો સરખા જ છે. મનની પવિત્રતા એટલે અમૃતરૂપી વાણીનું ઉચ્ચારણ.

કર્મની પવિત્રતા એટલે જે કાંઈ સત્કર્મ કર્યું હોય તે.

મનની, વચનની પવિત્રતા વિશે આગળ જણાવ્યું.

કર્મની પવિત્રતામાં તમારે જાતે જ તે કાર્ય કરવાનું રહે છે. જેથી કરીને જે કાંઈ કર્મ કરો તેનું ફળ ભોગવવાનું છે.

દા. ત. તમે નક્કી કરો કે મારે ચોરી કરવી છે ને તમે ચોરી કરી. તો તે પાપકર્મ માટે તમે બંધાયા. તમે જાતે કોઈ ને પથ્થર માર્યો તે પણ એક પાપકર્મ છે. કર્મની અંદર તમે જેટલાં સારાં કર્મો એટલે સુકૃત્ય કરો તેમાં જ તમારી પવિત્રતા જણાશે.

કર્મનો અર્થ મારી દૃષ્ટિએ : ક - કલમ, મ - મનુષ્ય.

મનુષ્ય જે કાંઈ કર્મ કરે છે, સુકૃત્ય અગર તો દુષ્કૃત્ય, તેની નોંધ પરમ તત્ત્વના ચોપડામાં થઈ જાય છે. તે મુજબ બીજા જન્મમાં ફળ મળે છે. માટે કોઈ પણ જાતના કર્મ કરતાં પહેલાં રોકાઈ જઈ ને સુકૃત્ય થાય તેવાં જ કર્મો કરવાં જોઈએ. આમ આ આપણી મન, વચન, કર્મની પવિત્રતા શી



Scanned by CamScanner

રીતે જાળવવી તે જણાવ્યું. આનું સતત સ્મરણ કરતા રહો, તો ધીરે ધીરે મન, વચન, કર્મની પવિત્રતા મેળવી શકશો.

મન, વચન, કર્મની પવિત્રતા તમોને કહી. હવે પાપના પ્રકાર તમોને જણાવું.

**પાપના ચાર પ્રકાર :** (૧) આધ્યાત્મિક પાપ, (૨) માનસિક પાપ, (૩) સામાજિક પાપ અને (૪) શારીરિક પાપ.

(૧) આધ્યાત્મિક પાપ એટલે અપ્રેમ, નિષ્ઠુરતા, નીચતા વગેરે.

(૨) માનસિક પાપ એટલે કામ, ક્રોધ, અહમ્ ઇત્યાદિ માનસિક પાપ છે.

(૩) સામાજિક પાપ એટલે ચોરી, વ્યભિચાર, છેતરપિંડી, શારીરિક ઈજા પહોંચાડવી.

(૪) શારીરિક પાપ એટલે શરીરમાં કોઈ પણ જાતનો રોગ થયો હોય તે શારીરિક પાપ કહેવાય.

આ ચાર પાપના પ્રકાર છે. તેમાંથી પણ કેમ બચવું અને શી સાવધાની રાખવી તે તમારે વિચારવાનું છે.

આજ રોજ મેં જે કંઈ કહ્યું અને તમે સાંભળ્યું, સાંભળ્યાં પછી શું કરવાનું? જ્ઞાન તો એવું છે કે એક અગાધ સાગર છે. તેમાંથી તમો જેટલું પ્રાપ્ત કરો તેટલું ઓછું છે. પણ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછીથી શું? જે કાંઈ કરવાનું છે તે તમારે કરવાનું છે. સંત તો તમોને રસ્તો બતાવે, તે રસ્તા પર ચાલવાનું શીખવાડે, આંગળી પકડીને તમને ચલાવે, પરંતુ તમારા બદલે સંત ચાલે તે શક્ય ન બને. ચાલવાનું તો તમારે જ છે.

શું સમજાવું તમોને
મન, વચન, કર્મની પવિત્રતા તણા પાઠો,
માનું છું, તમો સમજુ અને જ્ઞાની
સંસાર સાગરે જ્ઞાન અને સમજ
ઝાંઝવા તણાં નીર સમાન.

રે બંધુઓ, તૈયાર થાઓ
પરમ તત્ત્વને સત્કારવા
હમણાં જ એ આવશે
તપાસશે મન, વચન, કર્મ તણી પવિત્રતા
પાસ થાશો કસોટીમાં
હૃદયકમળમાં સ્થાન ગ્રહણ કરશે.

□

* તા. ૨૨-૭-'૯૪ના રોજ 'ગુરુપૂર્ણિમા'ના પર્વ નિમિત્તે પૂ. રાજયોગી નરેન્દ્રજીનું સંબોધન.



Scanned by CamScanner

# શ્રીકૃષ્ણની અપ્રગટ વાતો

રાજયોગી નરેન્દ્રજી

**ગાયત્રી માતાના વહાલાં બાળકો,**

> શ્રીકૃષ્ણ તણી ગોપીત વાતો ઝીલી લીધી,
> કલમ થકી કંડારી કાગળ મહીં.

ગઈ સાલ આપણે કૃષ્ણજયંતિ નિમિત્તે શ્રીકૃષ્ણ ભગવાનને અત્રે બોલાવીને હિંચકા ઉપર બિરાજમાન કર્યા હતા, ને વિનંતી કરી હતી કે આપ અત્રે જ રહો. માની લઈએ કે સ્થૂળ દેહ રૂપે તે નથી પરંતુ સૂક્ષ્મ સ્વરૂપે તે હાજર જ છે. આખા વર્ષ દરમિયાનની તેમની સૂક્ષ્મ ઉપસ્થિતિમાં જે કંઈ અંતરિક્ષમાં ચર્ચાઓ થઈ અને તેમની જે કેટલીક બહાર ન પડેલી ગોપીત વાતો આજ રોજ તમારી બધાની સમક્ષ રજૂ કરુ છું. આ બાબતોનો કોઈ શાસ્ત્ર સાથે અગર તો કોઈ પણ પુસ્તક સાથે સબંધ નથી, અને આ બાબતો કોઈ પણ જગ્યાએથી પ્રાપ્ત થઈ શકશે નહિ.

પ્રાગટ્ય મથુરાની જેલમાં, તરત જ વિદાય ગોકુળમાં.

શ્રીકૃષ્ણ પહોંચી ગયા ગોકુળમાં, ને નંદબાવાની પુત્રી હતી તે યોગમાયા મથુરા નગરીમાં દેવકીની પાસે આવી ગઈ. કંસને સવાર થતાં ખબર પડી કે દેવકીએ બાળકને જન્મ આપ્યો છે જેથી તે દેવકી ને વાસુદેવને જ્યાં કેદખાનામાં પૂર્યા હતા ત્યાં આવી બાળકની માગણી કંસે કરી. બાળક હાથમાં લીધું તો તે બાળક પુત્ર નહિ પણ પુત્રી હતી. તે બાળકીનો જેવો તે વધ કરવા જાય છે કે તે બાળકી, તેના હાથમાંથી છટકીને એકદમ આકાશમાં ઊડવા લાગી ને કહેવા લાગી કે તને મારનારો તો જીવિત છે. આ બાળકી પંચમહાભૂતમાં ભળી ગઈ ને તરત જ એક વૈશ્યને ત્યાં પુત્ર રૂપે અવતાર લીધો ને તે વૈશ્યપુત્ર આગળ જતાં 'દીર્ઘ' નામે ઓળખાયો, ને શ્રીકૃષ્ણની મુલાકાત સાંદીપની ઋષિના આશ્રમમાં થઈ.

નંદબાવાને ત્યાં ઉછેર, યશોદા માનો લાડલો બની ગયો. ત્યાર બાદ બાળલીલા આરંભી જે બધી આપ સર્વને જાણ છે. જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ તેમનાં પરાક્રમો અને કાર્યોની યશગાથા વહેવા માંડી. તેમને ખ્યાલ ન હતો કે નંદબાવા અને યશોદા મારાં પાલક માતાપિતા છે.

ગોવર્ધન પર્વત પોતાના સામર્થ્યથી ઊંચકીને આખા ગામના માણસોને ઇન્દ્રના વર્ષાના તાંડવમાંથી બચાવ્યા. આનો આધ્યાત્મિક અર્થ એવો થાય કે જે માણસો સામર્થ્ય ધરાવતા હોય તેમણે બીજાને બચાવવાનો-જાળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. એટલે કે સંસારી સાધન-સંપન્ન મનુષ્યોએ પોતાની આગળ પાછળના અને પોતાના કુટુંબના સભ્યોનું રક્ષણ કરવું જરૂરી રહે છે.

ગોકુળની અંદર માખણના લીધે મિત્રોનું વર્તુળ વધવા માંડયું. સાથે સાથે બંસરીના સૂરે ગોપીઓને પણ પોતાના તરફ અલૌકિક પ્રેમથી આકર્ષી.

શ્રીકૃષ્ણે નાગદમનના પ્રસંગ વેળાએ યમુના નદીના નીરમાં ઝંપલાવ્યું હતું. અગાઉ કોઈ જગ્યાએ ઉલ્લેખ નથી કે શ્રીકૃષ્ણને તરતાં આવડતું હતું કે નહિ પરંતુ જે આખા સંસારને તારે તેને તરવાની



Scanned by CamScanner

શી ફિકર ? પરંતુ તેઓ તો યમુના નદીમાં ઝંપલાવીને તર્યા ન હતા, સીધા જ તળિયે નાગ પાસે પહોંચી ગયા હતા, ને નાગને નાથીને તેના પર સવાર થઈને બહાર આવ્યા હતા. આનો આધ્યાત્મિક અર્થ એ થઈ શકે કે સંસારસાગરમાં તમારા જે ષડ્રિપુઓ છે તેને નાથીને તેની લગામ તમારા હાથમાં લઈ લેવાની છે.

શ્રીકૃષ્ણે યમુના નદીમાં ઝંપલાવ્યું. નંદબાવા અને યશોદાને તથા ગોકુળવાસીઓને ખબર પડી કે શ્રીકૃષ્ણે યમુના નદીમાં ઝંપલાવ્યું છે. તેઓ બધાં વિલાપ કરતાં યમુના નદીને કાંઠે આવીને ઊભાં રહ્યાં, પરંતુ યશોદા કે નંદબાવાએ યમુનાના નીરમાં ઝંપલાવ્યુ નહિ. જો યશોદા કે નંદબાવાએ નીરમાં ઝંપલાવ્યુ હોત તો આ યુગમાં માતાપિતા પહેલાં સંતાનોનું મૃત્યુ થાય છે તે ન થાત.

પરમ તત્ત્વનો પ્રવેશ જ્યારે પૃથ્વી પર આવે, ત્યારે તેની બધી જ કાર્યવાહી સામાન્ય માનવી જેવી જ હોય છે. જેથી જગતના માનવીઓ તેને પુત્ર તરીકે, ભાઈ તરીકે, સગાસ્નેહીઓ તરીકે પોતપોતાનાં દુન્યવી વાતાવરણથી પિછાને છે.

શ્રીકૃષ્ણે તો બાલલીલામાં બધો ખ્યાલ આપી દીધો હતો, છતાં પણ કેટલાંય તેમને સમજી શક્યાં ન હતા અને તેમને સામાન્ય માનવી જ સમજતા હતા. તેમની પર કૌસ્તુભ મણિ ચોરવાનો આરોપ મુકાયો ! અરે ! જેની પાસે ને સામે આખું જગત છે, તેને મણિનો શું હિસાબ ? પરંતુ આ દુન્યવી જગત પરમ તત્ત્વને પણ તેની ફૂટપટ્ટીથી માપે છે.

---

"આ બાબતોનો કોઈ શાસ્ત્ર સાથે અગર તો કોઈ પણ પુસ્તક સાથે સંબંધ નથી અને આ બાબતો કોઈ પણ જગ્યાએથી પ્રાપ્ત થઈ શકશે નહિ."

---

ત્યારબાદ સાંદીપની ઋષિના આશ્રમમાં ભણવા ગયા. સુદામા સાથે પ્રીત બંધાણી. ત્યાં આગળ એક દીર્ઘ નામનો વિદ્યાર્થી પણ હતો, જેનો ઉલ્લેખ કોઈ પણ જગ્યાએ આજ દીન સુધી થયેલો નથી. તે દીર્ઘ શ્રીકૃષ્ણને અતિપ્રિય હતો અને સામાજિક, રાજકીય ને દુનિયાની વ્યવહારિક બાબતોમાં પણ તે ખૂબ જ હોશિયાર હતો. દીર્ઘ શ્રીકૃષ્ણને ખૂબ જ માનીતો થઈ ગયો હતો જેથી શ્રીકૃષ્ણે જ્યારથી આશ્રમ છોડયો ત્યારથી દીર્ઘ તેમની સાથે જ છેક અંત સુધી એક પડછાયાની માફક રહ્યો અને શ્રીકૃષ્ણ દરેક બાબતમાં દીર્ઘની સલાહ-સૂચનને આવકારતા. આ દીર્ઘનું પાત્ર કોઈ પણ જગ્યાએ ઉપસાવવામાં આવેલ નથી. જેમ મહાન પુરુષોને પણ પોતાના અંગત માણસ હોય છે, જે દરેક બાબતમાં સલાહ-સૂચન આપે છે, એમ આ દીર્ઘ પરમ તત્વના અંશની આસપાસ રહીને સલાહ-સૂચન આપતો હતો.

આશ્રમમાંથી ગુરુ પાસેથી વિદાય થતી વેળાએ શ્રીકૃષ્ણે ગુરુના પુત્રને સજીવન કર્યો હતો. આખા જીવનની અંદરથી શ્રીકૃષ્ણે આ એક જ મૃત માનવીને જીવિત કર્યાનો દાખલો છે.

ગોકુળ આવ્યા બાદ શ્રીકૃષ્ણે ગોકુળવાસીઓનો ખૂબ જ પ્રેમ જીતી લીધો અને સર્વેનો માનીતો બની ગયો. જેમ જેમ શ્રીકૃષ્ણ મોટા થતા ગયા તેમ તેમ તેમને મથુરાના રાજા કંસ જે લોકોને ખૂબ જ પીડિત કરતો હતો તેનો ખ્યાલ આવી ગયો અને નિશ્ચય કર્યો કે કંસને કોઈ પણ રીતે મહાત કરવો. પોતાના પ્રિય મિત્ર દીર્ઘ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ તેમણે દીર્ઘ સાથે મથુરા જવાનું ને કંસનું નિકંદન કાઢવાનું નક્કી કર્યું.



Scanned by CamScanner

યોજના મુજબ શ્રીકૃષ્ણ મથુરા આવ્યા ને કંસનો સંહાર કર્યો અને ઉગ્રસેનને રાજ પાછું સોંપી દીધું. કંસના સંહાર બાદ તેમને ખબર પડી કે ઉગ્રસેન તેમના દાદા થાય અને કંસ તેમના મામા થાય. તેમજ પોતાના જન્મદાતા માતાપિતા દેવકી-વસુદેવ જેલમાં હતા, તેઓને જેલમાંથી મુક્ત કરાવ્યાં. પોતે પરમ તત્ત્વના અંશ હતા છતાં પણ પોતાને હાથે થયેલ મામાના સંહારથી ખૂબ જ વ્યથિત થયા હતા. તે વ્યથાને કારણે જ તેઓ થોડા વખતમાં મથુરા છોડીને દ્વારિકા ચાલી ગયા હતા.

ગોકુળ છોડયા બાદ તેમણે પોતાને ગોકુળ, ગોકુળની ગલીઓ, ગોપીઓ, મિત્રો, ગાયો વગેરેની ખૂબ જ યાદ સતાવતી હતી, જેથી તેમણે ઉદ્ધવજીને ગોકુળમાં જઈને પ્રિયજનોની મનોદશાનો ચિતાર મેળવવા માટે સૂચન કર્યું. જેથી ઉદ્ધવજી ગોકુળ ગયા અને ત્યાંનો જે ચિતાર આબેહૂબ નિહાળ્યો તેનું બયાન શ્રીકૃષ્ણ આગળ રજૂ કર્યું. આ સાંભળીને શ્રીકૃષ્ણ ખૂબ જ લાગણીશીલ અને વ્યથિત બની ગયા ને પોતાના પ્રિય સલાહકાર દીર્ઘને કહ્યું કે તું ગોકુળ જા અને ત્યાંના લોકોને સમજાવ, જેથી દીર્ઘ ગોકુળ આવ્યા ને શ્રીકૃષ્ણ સાથે પરામર્શ કરેલ હતી તે બધી હકીકતો જાહેર કરવાનું નક્કી કર્યું. દીર્ઘે ગામલોકોને ભેગાં કરીને શ્રીકૃષ્ણનો સંદેશો આપવા માંડયો. તે સંદેશો એટલો લાંબો હતો, જેથી દરરોજ સવારના દસથી સાંજના પાંચ વાગ્યા સુધી કહેતા હતા. એવા સતત સાત દિવસ સુધી શ્રીકૃષ્ણનો સંદેશો ગોકુળવાસીઓને દીર્ઘે સંભળાવ્યો. ગોકુળના માનવીઓ ખૂબ જ ખુશ થઈ ગયા, કારણ કે આ સંદેશામાં સામાજિક જીવન ને તત્ત્વજ્ઞાનથી ભરપૂર માહિતી હતી. અંતમાં વિદાય ટાણે દીર્ઘને ભાવભરી વિદાય આપી અને એટલું માગ્યું કે એક વખત શ્રીકૃષ્ણને અત્રે લઈ આવો. દીર્ઘ એટલો બધો લાગણીવશ થઈ ગયો ને વચન આપી બેઠો કે "હું શ્રીકૃષ્ણને અત્રે જરૂરથી લઈ આવીશ."

---

"સાંદીપની ઋષિના આશ્રમમાં દીર્ઘ નામનો એક વિદ્યાર્થી પણ હતો, જેનો ઉલ્લેખ કોઈ પણ જગ્યાએ આજ દિન સુધી થયેલો નથી. તે દીર્ઘ શ્રીકૃષ્ણને અતિ પ્રિય હતો અને સામાજિક, રાજકીય ને દુનિયાની વ્યવહારિક બાબતોમાં પણ ખૂબ જ હોંશિયાર હતો. આ દીર્ઘ શ્રીકૃષ્ણને ખૂબ જ માનીતો થઈ ગયો હતો, જેથી શ્રીકૃષ્ણે જ્યારથી આશ્રમ છોડયો ત્યારથી દીર્ઘ તેમની સાથે જ છેક અંત સુધી એક પડછાયાની માફક રહ્યો અને શ્રીકૃષ્ણ દરેક બાબતમાં દીર્ઘનાં સલાહ-સૂચનને આવકારતા. આ દીર્ઘનું પાત્ર કોઈ પણ જગ્યાએ ઉપસાવવામાં આવેલ નથી."

---

ગોકુળવાસીઓએ આગ્રહ કર્યો કે શ્રાવણી વદ આઠમ જ્યારે તેની જન્મતિથિ આવે ત્યારે તેને લઈ આવજો. પરત આવીને દીર્ઘે આ બધી હકીકત શ્રીકૃષ્ણને જણાવી અને એક વખત ગોકુળમાં જવા માટે વિનંતી કરી. જેનો શ્રીકૃષ્ણે સ્વીકાર કર્યો. જેમ ભક્ત માટે ઈશ્વર રસ્તો-નિયમ બદલે તેમ શ્રાવણ વદ આઠમને દિવસે શ્રીકૃષ્ણ અને દીર્ઘ પરત ગોકુળ આવ્યા. આખું ગોકુળ હેલે ચઢયું.

શ્રીકૃષ્ણના સ્વાગત માટે માનવમહેરામણ ઉમટયો. આખો દિવસ આ ક્રમ ચાલુ રહ્યો. સાંજના શ્રીકૃષ્ણે અને દીર્ઘે વિદાય લીધી. વરસાદના દિવસો હોવાથી વરસાદ ઝરમર ઝરમર વરસતો હતો. ગામ લોકો યમુના નદીના કાંઠે શ્રીકૃષ્ણને વિદાય આપવા માટે આવ્યા. શ્રીકૃષ્ણને વિદાય થતાં લોકો જોઈ રહ્યા. ઓચિંતો મૂશળધાર વરસાદ વરસ્યો ને યમુના નદીનાં પાણીમાં ધસમસતું પૂર આવ્યું ને જે ગોકુળવાસી-

ઓ તેમને વળાવવા માટે આવ્યાં હતાં તે બધાં જ યમુનાના જળમાં વિલીન થઈ ગયા, અને મોક્ષને પામી ગયા.

ત્યાર બાદ પોતાનું પ્રિયપાત્ર ગોકુળમાં રહ્યું ન હોવાથી શ્રીકૃષ્ણ ફરીથી ક્યારેય ગોકુળ ગયા નથી.

મહાભારતના યુદ્ધ સમયે સમાધાન કરવા માટે શ્રીકૃષ્ણ દુર્યોધન પાસે હસ્તિનાપુર ગયા હતા. દુર્યોધન માન્યો નહિ અને શ્રીકૃષ્ણને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું હતું. આ આમંત્રણ પાછળ પણ ષડ્યંત્ર હતું જેની જાણ દીર્ઘે શ્રીકૃષ્ણને કરતાં શ્રીકૃષ્ણ દુર્યોધનના ઘરનું જમવાનું છોડીને વિદુરજીને ત્યાં જઈને જે ભોજન તૈયાર હતું તે જ જમ્યા હતા આ રીતે દુર્યોધને ષડ્યંત્ર ગોઠવ્યું પરંતુ તેનો આડકતરી રીતે અનાદર કરીને દુર્યોધનને યુદ્ધમાં હાર થશે તેનો ખ્યાલ આપી દીધો હતો.

યુદ્ધ સમયે જ્યારે અર્જુને લડવાની ના પાડી ત્યારે શ્રીકૃષ્ણ તો એકદમ શાંતિથી બેસી ગયા હતા, પરંતુ દીર્ઘે આવીને શ્રીકૃષ્ણને કહ્યું કે અત્યાર સુધી તમે કોઈ પણ જગ્યાએ કંઈ બોલ્યા નથી. કોઈને ઉપદેશ આપ્યો નથી. તમારી પાસે સંપૂર્ણ જ્ઞાન છે તેનો ધોધ વરસાવો ને અર્જુનને લડવા માટે તૈયાર કરો. આ જાગૃતિ આવ્યા બાદ શ્રીકૃષ્ણે જે બોધપાઠ અર્જુનને આપ્યો તે અત્યાર સુધી ગીતાના અઢાર અધ્યાય દ્વારા જાણીતો છે. આમ શ્રીકૃષ્ણે મહાન ગ્રંથ જનસમુદાયને ભેટ આપી દીધો. બાકી આખી જિંદગીમાં તેમણે કોઈ પણ જગ્યાએ ઉપદેશ આપેલ નથી.

---

**"સતત સાત દિવસ સુધી શ્રીકૃષ્ણનો સંદેશો ગોકુળવાસીઓને દીર્ઘે સંભળાવ્યો. આ સંદેશામાં સામાજિક જીવન ને તત્ત્વજ્ઞાનથી ભરપૂર માહિતી હતી."**

---

મહાભારતના યુદ્ધમાં પાંડવોને પોતાના સામર્થ્યથી વિજય અપાવ્યો ને પરત દ્વારિકા આવ્યા. દ્વારિકા આવ્યા બાદ પોતાના જ વંશના માણસો અંદરોઅંદર ઝઘડતા રહ્યા અને યાદવાસ્થળી થતી રહી કે જેને પોતે રોકી ન શક્યા. જેણે મહાભારતનું યુદ્ધ જીતાડ્યું તે ખુદ પોતાના જ માણસોથી હારી ગયા.

હવે પોતાનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે તે જાણી લીધા બાદ પોતે પોતાની વિદાય માટે તૈયારી કરવા લાગ્યા. ખૂબજ વ્યથિત મને તેઓ અને દીર્ઘ ભાલકા ક્ષેત્રે આવ્યા ભાલકા ક્ષેત્રે આવ્યા બાદ તેમણે પોતાના નિર્ણયની જાહેરાત દીર્ઘને કરી. દીર્ઘે શ્રીકૃષ્ણને તેમ ન કરવા સલાહ આપી. ભાલકા ક્ષેત્રમાં તે વખતે બગીચો હતો. ગીચ ઝાડી ન હતી જેથી કોઈ પારધિ આવે અને બાણ ભૂલથી મારે તે શક્યતા ન હતી. અંતમાં શ્રીકૃષ્ણ દીર્ઘને કહ્યું કે મારો તને હુકમ છે કે તું થોડે દૂરથી અને બાણ ચઢાવી મારા પગના અંગૂઠે અડકે તે રીતે તું માર. આજ્ઞાને વશ થઈ દીર્ઘે પોતે બાણ ચઢાવી શ્રીકૃષ્ણને બાણ માર્યું. બાણ શ્રીકૃષ્ણના અંગૂઠાનો સ્પર્શ કરીને પરત આવ્યું ને તે બાણ પોતાને – દીર્ઘને વાગ્યું. આમ બંને જણ એક સાથે જ સ્વધામ પહોંચી ગયા.

આજરોજ શ્રીકૃષ્ણના જીવનથી જે ગોપિત વાતો હતી તે રજૂ કરી. આપણે આશા રાખીએ છીએ કે શ્રીકૃષ્ણ સૂક્ષ્મ રીતે અત્રે હાજર જ છે ને આ બધી બાબતો સાંભળતા હશે ને મરક મરક હસતા હશે, કે મારા જીવનની પ્રગટ ન થયેલી બાબતો આજરોજ પ્રગટ થાય છે.

હવે શ્રીકૃષ્ણને અહીંથી ખસવું ન ગમે, જવું ન ગમે તેવું અનુકૂળ વાતાવરણ આપણે બધાં ઉત્પન્ન કરીએ, ને શ્રીકૃષ્ણને હિંડોળા ઉપર આસન ગ્રહણ કરવા વિનંતી કરીએ ને ઝુલાવીયે.

જય કનૈયા લાલકી, હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી.

* * *



Scanned by CamScanner

રામાવતાર વખતે પરમ તત્ત્વ શ્રીરામ સાથેના સંપર્કમાં અને રામને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભજનારાં પાત્રો શ્રીકૃષ્ણાવતારમાં પણ અન્ય નામરૂપ ધારણ કરીને શ્રીકૃષ્ણની સાથે જ રહ્યાં હતાં. આ પાત્રો ક્યાં ક્યાં તે જોઈએ.

આ બાબતની બધાંને ખબર હશે જ કે શ્રીરામ બીજા જન્મે શ્રીકૃષ્ણ હતા. કૌશલ્યા માતા તે દેવકીમાતા હતાં અને કૈકેયી મા તે યશોદામાતા હતા. હવે શ્રીકૃષ્ણના સમયમાં —

લક્ષ્મણ તે યોગમાયા અને પછી
દીર્ઘ તરીકે ઓળખાયા–જન્મ્યા.
શબરી તે રાધા તરીકે
ઓળખાયા–જન્મ્યા.
વિભીષણ તે યુધિષ્ઠિર તરીકે
ઓળખાયા–જન્મ્યા.
સુગ્રીવ તે અર્જુન તરીકે જન્મ્યા.
વાલી તે ભીમ તરીકે જન્મ્યા.
ભરત તે સહદેવ તરીકે જન્મ્યા.
શત્રુઘ્ન તે નકુળ તરીકે જન્મ્યા.
રાવણ તે કંસ તરીકે જન્મ્યા.
ઇન્દ્રજીત તે દુર્યોધન તરીકે જન્મ્યા.
કુંભકર્ણ તે કર્ણ તરીકે જન્મ્યા.
ત્રિજટા તે દ્રૌપદી તરીકે જન્મ્યા.
સુષેણ વૈદ્ય તે વિદુર તરીકે જન્મ્યા.
સુમિત્રામાતા તે કુંતીમાતા તરીકે જન્મ્યાં.
કેવટ તે સુદામા તરીકે જન્મ્યા.
નિષાદરાજ તે ઉદ્ધવજી તરીકે જન્મ્યા.

* * *

અમો બનશું નંદબાવા ને યશોદા તુજ કાજ,
અમો બનશું ગાયો ને ગોવાળિયા તુજ કાજ,
અમો બનશું ગોપ, ગોપીઓ ને સખાઓ તુજ કાજ,
અમો બનશું રાધા, રૂક્મણી ને સત્યભામા તુજ કાજ,
અમો બનશું દરબારના દરબારીઓ તુજ કાજ,
અમો બનશું મોર, મુગટ ને બંસરી તુજ કાજ.

અમો રચાવીશું રાસ વૃંદાવન તણો તુજ કાજ,
બોલાવશું શંકરને નિહાળવાને રાસ રમવા તુજ સાથ.

અમો ધરશું માખણ ને મીસરી ભોજન સાથ,
અમો બનાવશું ગોકુળ ને દ્વારકા, 'શ્રદ્ધા'મહીં તુજ કાજ.

આશ અમારી એટલી પધાર્યા પ્રેમ થકી,
સર્વદા રહો આ સ્થાનમાં આનંદથી.

☐

* તા. ૨૯–૮–'૯૪ ને જન્માષ્ટમીના પર્વ નિમિત્તે 'શ્રદ્ધા' કુટિરમાં પૂ. રાજયોગી નરેન્દ્રજીએ શ્રીકૃષ્ણના જીવનની કેટલીક અપ્રગટ વાતો રજૂ કરી હતી.



Scanned by CamScanner

# પ્રભુને ગળે લટકવા

**રાજયોગી નરેન્દ્રજી**

**ગાયત્રી માતાનાં વહાલાં બાળકો,**

કહેવા નથી કહેવા નથી
શાસ્ત્રો તણા સાર
કહેવી છે કહેવી છે
આકાર–નિરાકાર તણી વાતો.

હવે હું પાંચમી તારીખે સાંજે અને છઠ્ઠી તારીખે સાંજે 'શ્રદ્ધા' કુટિરમાં જે બોલ્યો હતો તે રજૂ કરું છું. પાંચમી તારીખે સાંજે માતાજીની રાહ જોવાતી હતી અને માતાજીનો વિરહ કેવો હોય છે તેનું બયાન મેં આપ્યું હતું તે વિશે જણાવું:

ઉડાવ્યું પક્ષી પ્રીતિનું,
ઝીલ્યાં પુષ્પો હૃદયમંદિરમાં,
સ્વીકાર્યો ભેખ સેવાનો,
મન મુજ તણું વૈરાગી,
તન દિસે સંસારી
પ્રગટાવ્યાં કોડિયાં ઉરના એકાંતમાં
પ્રતીક્ષા તુજના મિલનની,
તુજ વિના વસંતો ભાસે વૈશાખ,
આવ તૃપ્ત કર કોડિયાને ને પ્રતીક્ષાને.
વિરહ તણા રણને મલ્હાર આપો,
મલ્હારને ફેરવશું સંસાર તણા બાગમાં.
જય જયકાર થાશે માત તણો.

માતાજી પધારી ગયાં અને ગઈ કાલે સાંજના તા. ૬-૯-'૯૪ના રોજ 'શ્રદ્ધા' કુટિરમાં કહ્યું હતું:

વિશ્વમાં વિચરતાં હતાં
(એની પાસે આખું વિશ્વ છે. વિશ્વમાં કોઈ પણ જગાએ હોય.)
હાકલ સૂણી બાળની
માતને દોડવું પડે,



Scanned by CamScanner

'શ્રદ્ધા' મહીં આવવું પડે,
બાળને વહાલ કરવું પડે,
રડતાંને શાંત કરવાં પડે,
મિલનનો શ્રાવણ લાવવો પડે,
ભક્તોને અનુભવ કરાવવો પડે,
હાથતાળી આપી જવું પડે.

હવે પછીની લાઈનો તરસ પરની હતી. તરસ વિશે મુંજાલભાઈએ કહ્યું તેના પરની લાઈનો હતી :

પ્યાસા બે કિનારા,
ગોચર ને અગોચરના.

(ગોચાર એટલે હું અને અગોચર એટલે માત)

અગોચર ખુદ આવે,
મિલન બે કિનારા તણું.

(કદી બે કિનારા ભેગા ન થાય, પણ જો અગોચર આવી જાય તો કિનારા તણું મિલન થઈ જાય.)

પ્રભુ આપણને ક્યારે ગળે લગાડે તેની વાત હતી :

પ્રભુને ગળે લટકવા,
મોતીને વીંધાવું પડે,
પ્રભુને ગળે લટકવા
ફૂલને કેદ થાવું પડે.

(ફૂલ કેદ થાય, દોરીમાં પરોવાઈ જાય, બંદીવાન થાય ત્યારે ભગવાનને ગળે લટકે.)

પ્રભુને ગળે લટકવા,
બીજો જનમ સોનાને લેવો પડે.

(સોનાનું આખું form બદલાઈ જાય, સોનાની લગડી હોય એને ગાળી નાખે, એનું રૂપાંતર કરે એટલે બીજો જન્મ થઈ જાય સોનાનો, બીજા જન્મે સોનું ભગવાનને ગળે જાય.)

# સંયોગ રાજયોગી ને માત તણો

રાજયોગી નરેન્દ્રજી

હવે આપણે ચોથી તારીખ પર આવીએ 'નીલોષા'ની. કારણ કે માતાજીની 'નીલોષા'ની સાલગીરા ને સાતમીની સાલગીરા સાથે ઉજવીએ છીએ.

'નીલોષા' ના રંગમંચ મહીં,
પંદર વર્ષ તણો છુપાયો
મા–બાળ તણો ઇતિહાસ,
સોળમા વર્ષને મા–બાળ તણો આવકાર.

'નીલોષા'ની ધરતી પર છેલ્લાં પંદર વર્ષથી સેવાયજ્ઞ ચાલી રહ્યો છે. હું સેવા કરું છું ને મા મારી સાથમાં છે. માના પીઠબળથી જ આ સેવાકાર્ય કરી રહ્યો છું આ સેવાકાર્યને તારીખ ૪–૯–'૬૪ ના રોજ પંદર વર્ષનાં વહાણાં 'નીલોષા'માં વીતી ગયાં ને સોળમા વર્ષમાં પ્રવેશ થયો. આ પ્રવેશને મારા તરફથી તો આવકાર ખરો જ, પરંતુ મારી સાથે મા છે માટે તેમના તરફથી પણ સોળમા વર્ષને આવકાર.

'નીલોષા' પર નિઃસ્વાર્થ સેવા કરતા કાર્યકરોના પણ સોળમા વર્ષને અભિનંદન.

'નીલોષા' એક વડ સમાન છે ને આટલાં વર્ષોમાં તેની વડવાઈઓ ફૂલીફાલીને એક ઘટાદાર રાજયોગી વડલો તૈયાર થઈ ગયો છે. તેની છાયામાં અસંખ્ય માણસોને શાંતિ મળે છે, આનંદ પ્રાપ્ત થાય છે, પોતાના દુઃખોનું નિરાકરણ થાય છે. આવું 'નીલોષા' એક પવિત્ર ધામ છે.

'નીલોષા' પર પંદર વર્ષથી
બેઠો એક રાજયોગી
ધૂન માતાના જપ તણી
થાશે બેડો પાર.

હવે સાતમી તારીખ પર આવું છું.

આ ગાડી તણા બાસઠ ડબ્બાઓ દોડતા,
એક નવા ડબ્બા તણો પ્રવેશ
આ ત્રેસઠ ડબ્બાઓ તણી ગાડીને
માત, તું એન્જીન બની દોડાવજે.

માને કહું કે તું એન્જીન બનજે અને હું દોડીશ તારી સાથે જ. અને બીજી રીતે કહીએ તો, ત્યાંથી દરવાજાથી અહીં સુધીનું મારું અંતર છે. અહીં એન્જીન છે. પાછળ ગાર્ડનો ડબ્બો છે અને



Scanned by CamScanner

જે પ્રવાસીઓ છે તે તમે બધા મારી સાથે ડબ્બામાં બેઠા છો અને ગાડી ચાલી રહી છે. મા એન્જીન બની ગાડી ચલાવે છે, જે ત્રેસઠ ડબ્બા છે, બાસઠ ડબ્બા ખાલી છે, ત્રેસઠમા ડબ્બામાં હું બેઠો છું અને જે તમે બધા છો તે પ્રવાસીઓ છો, બાસઠ ડબ્બામાં ગોઠવાઈ ગયા છો.

હવે માતાજીને બીજું કહું છું :

હંકારજે બોલે, થઈને નાવિક
અર્પજે શક્તિ, હલેસાં મારી શકું.
ભવસાગર પાર કરાવનાર તું,
અર્પજે શક્તિ, મરજીવો બની શકું.

માત થકી સેવા યજ્ઞ 'નીલેષા' પરે,
બાળ તણી સાલગીરા, 'શ્રદ્ધા' પરે,
અર્પવા શીખ બાળને,
માતને આવવું પડે,
પામવા સાન્નિધ્ય ને પ્રસાદી
બહુજનોને આવવું પડે.

*    *    *

હવે મારી આ એક કલ્પના છે. માતાજી મારી પાસે ઊભાં છે ને મને કંઈક કહી રહ્યાં છે :

માત બેઠાં હતાં,
હું પાસમાં ઊભો હતો,
માત બોલતાં હતાં,
હું સાંભળતો હતો (શું કહેતા હતાં?)
સેવા કર સકળ સંસાર તણી
સમજાવ મન, વચન, કર્મ તણી
પવિત્રતા તણા પાઠો સંસારી જનોને,
સમજાવ ષડ્રિપુના સંહાર તણા પાઠો,
જગતના માનવીઓને,

સમજાવ અંધશ્રદ્ધા ને વહેમને
ભગાડવા જગતમાંથી
સમજાવ સરળ રસ્તો
ધર્મ તણો જગતને
સમજાવ આ યુગમાં,
નવું શાસ્ત્ર જગતને,
(છેલ્લું બહુ સમજવા જેવું છે)
સમજાવ માનવોને
આત્મીયતા તણા પાઠો.

આત્મીયતા કેમ કેળવવી, એક બીજા સાથે કેવી રીતે વર્તન કરવું તેના પાઠો સમજાવ, પણ આ બહુ અઘરું છે.

*    *    *

હવે મારી પાસે માણસો આવે છે, જાય છે તેનું હું વર્ણન કરું છું :

બહુજનો મમ પાસ આવતાં,
નિસ્બત નથી મુજ તણી કે માત તણી
મતલબ ખુદનાં કાર્યો તણી
અનુકૂળ પવન ફૂંકાયો ખુદને,
રાજયોગી ને માત તણો વિયોગ,
(પણ પાછું શું બને છે?)

સંસાર સાગરે ઓચિંતુ તોફાન આવી ચડે,
સંયોગ રાજયોગી ને માત તણો
હસતું મુખડું માત તણું મલકાયા કરે.
(આ જોઈ ને માતાજીનું મુખડું મલકાયા કરે.)
રાજયોગી પ્રેમભાવે આવકારે મનુજોને,
એ જ શિરસ્તો દુનિયાદારી તણો જારી રહે.

*    *    *



Scanned by CamScanner

# સંન્યાસીની પરીક્ષા

હવે માતાજીની આજ્ઞાથી તેમની સાથેનો એક સ્વપ્ન-પ્રસંગ રજૂ કરું છું:

એક દિવસ સ્વપ્નમાં માતાજી આવ્યાં ને કહ્યું ચાલ, તૈયાર થઈ જા. હું તેમની સાથે જવા માટે તૈયાર થઈ ગયો. મેં તેમના કહેવા મુજબ લેંઘો-ઝભ્ભો પહેર્યો. ત્યાર બાદ એક મોટરકારમાં અમે બંને બેસી ગયાં. મોટરકારમાં ડ્રાઈવિંગ સીટ પર માતાજી પોતે બેઠાં. હું બાજુમાં બેઠો. આશરે પચીસેક કિલોમીટર મોટર ગઈ હશે ને જંગલ જેવું આવ્યું. ત્યાં ગાડી માતાજીએ થોભાવી. અમે બંને નીચે ઊતર્યાં. બાજુની ગીચ ઝાડીમાં રસ્તો પણ ન હતો. કેડી પણ ન હતી. અને અંધારું હતું. પરંતુ માતાજીના મુખારવિંદમાંથી તેજ પ્રગટતું હતું તેના પ્રકાશમાં હું તેમની સાથે ગીચ ઝાડીમાં ચાલવા લાગ્યો. ગીચ ઝાડી વટાવી અમે બંને અંદર એક ચોગાનમાં આવ્યાં. ત્યાં ચોરસ આકારનું ઉપરથી બંધ કરેલ એક કેબીન જેવું હતું, તે ખોલી અમે બંને અંદર ઊભાં રહ્યાં. તેમણે શું કર્યું તે ખબર નહિ, પણ તે કેબિન ઊડવા લાગી. ઘણા લાંબા સમય સુધી તે ઊડી ને એક કમ્પાઉન્ડમાં ઊતરી. કમ્પાઉન્ડની અંદર થોડે થોડે અંતરે પાંચ મોટાં પાકાં મકાનો બાંધેલાં હતાં અને સંન્યાસી જેવા માણસો ફરતા દેખાતા હતા. અમો બંને બહાર નીકળ્યાં કે તરત જ એક વયોવૃદ્ધ માનવી – કેશ તથા જટાધારી સાથે આવીને માતાજીનું સ્વાગત કર્યું ને એક ઓરડામાં લઈ ગયા. ત્યાં એક સિંહાસન પર

---

**"જો તેઓએ ખોટી 'હા' લખી હશે તો તેમણે પેપર બ્લ્યુ સહીથી લખ્યું છે પરંતુ જ્યારે તું જોઈશ ત્યારે 'હા' બ્લ્યુ નહિ, પણ લાલ સહીથી હશે. જેથી લાલ સહીવાળાને નાપાસ કરવાના."**

---

માતાજીએ બેઠક લીધી. બાજુમાં હું ખુરશી પર બેસી ગયો. માતાજીએ પેલા વૃદ્ધ માનવીને પૂછ્યું, "પ્રશ્નપત્ર તૈયાર છે?" માતાજીએ હાથમાં રહેલો એક કાગળ દૂરથી બતાવ્યો. મને આ બાબતની કાંઈ ખબર ન પડી. મારે તો શું બને તે જોવાનું હતું. ત્યાર પછી પેલા વયોવૃદ્ધ માનવી, હું ને માતાજી ત્યાંથી ઊઠીને એક મોટા ખંડમાં આવ્યાં. જે ખંડ સભામંડપ જેવો હતો, ને ત્યાં ૭૫ જેટલા ભગવાધારી સંન્યાસીઓ લાઈનબંધ બેઠેલા હતા. માતાજીએ મને કહ્યું, "તારે આ લોકોની પરીક્ષા લેવાની છે." હું વિસ્મય પામી ગયો કે હું આ સંન્યાસીઓની પરીક્ષા કેવી રીતે લઈશ? મારે એમની પરીક્ષા લેવાની હોય? હું શું એમની પરીક્ષા લઉં? ત્યાં જ માતાજીએ મને ૭૫ પત્રો આપ્યા. તેમાં પ્રશ્નો હતા. અને તે સંન્યાસીઓએ પ્રશ્નની સામે 'હા' કે 'ના' લખવાની હતી. મેં માતાજીને કહ્યું કે "આ કામ મારાથી થઈ શકશે!" માતાજીએ કહ્યું; "આ તો બહુ સહેલું છે." પછી બધા ૭૫ પ્રશ્નપત્રો ૭૫ સંન્યાસીઓને આપી દીધા. આ પ્રશ્નપત્રોમાં નીચે મુજબના પ્રશ્નો હતા:

૧. ષડ્‌રિપુઓને નાથ્યા હતા? જવાબ 'હા' કે 'ના' માં.

૨. મન, વચન, કર્મથી પવિત્ર છો? જવાબ 'હા' કે 'ના' માં.

૩. અત્યાર સુધીમાં કોઈ સત્કાર્ય કર્યું છે? જવાબ 'હા' કે 'ના' માં.

સંસારીઓએ આ જવાબ આપવાના નહોતા. સંન્યાસીઓએ જવાબ આપવાના હતા.

આ પ્રશ્નોની સામે જ દરેક સંન્યાસીએ 'હા' કે 'ના' એક જ અક્ષરમાં; જવાબ આપવાનો હતો. પ્રશ્નો ફક્ત ત્રણ જ હતા પરંતુ ખૂબ જ ગહન હતા. સમયમર્યાદા આ ત્રણ પ્રશ્નો પાછળ 'હા' કે 'ના'



Scanned by CamScanner

લખવામાં એક કલાક આપ્યો હતો. અને દરેકે બ્લ્યુ શાહીથી 'હા' કે 'ના' લખવાનું હતું. સમય પૂરો થતાં દરેક પાસેથી પ્રશ્નપત્ર જવાબ સાથે લઈ લેવામાં આવ્યું. દરેક પ્રશ્નપત્ર ઉપર દરેક સંન્યાસીને પોતાની ઓળખ લખવાનું કહેવામાં આવેલું, જેથી કોનું પ્રશ્નપત્ર છે તે ખબર પડે. હવે માતાજી કહે, "પ્રશ્નપત્રોના જવાબ તું તપાસી લે.' આ કામ પણ મને સોંપ્યું અને ત્રણ પ્રશ્નોના જવાબમાં એકમાં 'હા' આવી હોય તો તેને પાસ કરી દેવાનો ને તેના ઉપર રીમાર્કમાં 'ઋષિ' લખવાનું. બેની અંદર 'હા' આવી હોય તો સેકન્ડ ક્લાસ અને તે પેપર પર 'દેવર્ષિ' લખવાનું અને ત્રણની અંદર 'હા' આવી હોય તો ફર્સ્ટ ક્લાસ નંબર આપવાનો અને તે પેપર પર 'બ્રહ્મર્ષિ' લખવાનું. વધુમાં જો તેઓએ ખોટી 'હા' લખી હશે તો તેમણે પેપર બ્લ્યુ શાહીથી લખ્યું છે પરંતુ જ્યારે તું જોઈશ ત્યારે 'હા' બ્લ્યુ નહિ, પણ લાલ શાહીથી હશે. જ્યારે પેપર તપાસવાના આવશે ત્યારે પેપર એ લોકોએ બ્લ્યુ શાહીથી લખ્યા છે પરંતુ ખોટો જવાબ આપ્યો હશે ને હું પેપર જોઈશ તો લાલ શાહી થઈ જશે. શાહી બદલાઈ જશે. પરમ તત્ત્વ બદલે છે. જેથી લાલ શાહીવાળાને નાપાસ કરવાના."

મેં પેપર જોવા માંડ્યા. એકથી પંચોતેર સુધી તો કોઈ પણ પેપરમાં એક પણ પ્રશ્ન આગળ બ્લ્યુ શાહી જોઈ નહિ. બધા જ પેપરમાં લાલ શાહી હતી, જેથી પેપર તપાસીને ભેગાં કરીને માતાજીને સુપ્રત કર્યાં, કે આ પંચોતેરમાંથી એક પણ સંન્યાસી પાસ થતા નથી. માતાજી એકદમ હસી પડ્યાં ને કહે, "આ સંન્યાસીઓ છે છતાં પણ પાસ વર્ગમાં એક પણ નહિ! ને પાછા મને છેતરવાનો પ્રયત્ન કરે છે." આટલું માતાજી બોલ્યાં ને મારી આંખ એકદમ ખૂલી ગઈ. હું સ્વપ્નને વાગોળતો રહ્યો ને વિચાર આવ્યો કે દુનિયામાં માનવીઓ સંસાર છોડીને સંન્યાસી બને છે, છતાં પણ તેમનામાં સદ્‌ગુણો કેળવાતા નથી અને સાધુપુરુષ થવાતું નથી. તો સામાન્ય માનવીનું શું ગજું?

---

> "આ સંન્યાસીઓ છે, છતાં પણ પાસ વર્ગમાં એક પણ નહિ ને પાછા મને છેતરવાનો પ્રયત્ન કરે છે."

---

મેં જે અર્થ તારવ્યો તે નીચે મુજબનો છે. મારા મત પ્રમાણે જેમ સંન્યાસીઓએ બ્લ્યુ શાહીથી લખવાનું હતું પરંતુ બધાએ જ ખોટું લખ્યું અને પરમ તત્ત્વ આગળ લાલ શાહી આવી ગઈ. તેનો અર્થ એવો કે, આ જગતમાં માનવીઓ ગમે તે કર્મ કરે, સુકૃત્ય અથવા દુષ્કૃત્ય તે પરમ તત્ત્વના ચોપડે જમા થઈ જાય છે અને સુકૃત્ય હોય તો બ્લ્યુ શાહીથી અને દુષ્કૃત્ય હોય તો લાલ શાહીથી.

પરમ તત્ત્વ કોઈ પણ મનુષ્ય કોઈ ખરાબ કાર્ય કરે ત્યારે તે કાંઈ બોલતો નથી અગર તો ખબર પણ આપતો નથી. પરંતુ આપોઆપ તેના ચોપડે જમા થઈ જાય છે. તેવી જ રીતે સાચો સંત તમારા કોઈ પણ કાર્ય માટે કાંઈ બોલતો નથી પરંતુ સત્કર્મ કરો તો ચોક્કસ તે ખુશી થશે પરંતુ કોઈ ખરાબ કર્મ કરો તો તે સાચો સંત કાંઈ પણ બોલશે નહિ. પરંતુ તે મૌન રહી સામા માણસને સુધરવાનો અણસાર આપશે.

આ મારો માતાજી સાથેનો સ્વપ્નપ્રસંગ રજૂ કર્યો.

મેં જે થોડી પંક્તિઓ લખી છે તે સમજાવું છું:

હું કોણ હતો? ક્યાં હતો? શું કરતો હતો?
તેની ખબર હતી મુજને.
('૭૬ પહેલાંની વાત કરું છું.)



Scanned by CamScanner

ભાગ્ય ક્યાં ખેંચી જશે તેની
ખબર ન હતી મુજને,
સૂતો હતો, માતે પકડી બેઠો કર્યો,
હાથ પકડી પગલાં પડાવ્યાં સેવા તણાં
શીખ આપી, ઘુંટાવ્યો મંત્ર સેવા તણો,

કાનમાં ફૂંક મારી ગભરાઈશ નહિ,
ફિકર ના કરીશ, હું છું તારી સાથમાં,
સેવા તણી સફર ઓગણીસ વર્ષની
માએ સંભાળી છે લગામ રાજયોગીની,
માને અરજ, લગામ સંભાળતી રહેજે.

*　　*　　*

હવે ઘણાં કહે છે, માતાજીનાં દર્શન કરાવો, માતાજી જોવાં છે તેમને માટે કહું છું :

જોઈએ છે, જોઈએ છે,
બધાંને માતાજી જોઈએ છે.
આ શેર બજાર નથી,
નથી વાયદા તણા સોદા,

આ છે ખેલ મર્દાનગીનો,
તલવારની ધાર પર રહેવાનો,
સાચે જ મરજીવો ડુબકું મારી શકે,
અન્યથા કાંઠે ઊભાં ઊભાં તરસે.

*　　*　　*

હે માત, તારા કાર્યને સીમાડા નડતા નથી.
(આખા વિશ્વમાં એની હાક વાગે, એને કોઈ સીમાડા ન નડે.)
તું વરસી પડે જ્યાં, ત્યાં લીલા લહેર,
તારો કસોટી તણો પથ્થર આકરો,
(એ કેવી કેવી કસોટી કરાવે છે એ તો જેની થઈ હોય તેને જ અનુભવ હોય કે એની કસોટી કેવી હોય.)
હામ દઈ પાર ઊતારો પરીક્ષામાં.
(ભલે તું કસોટી કર, પણ પરીક્ષામાં પાસ કરાવજે)

*　　*　　*

હે માત, પવન વિહારી પરી સમાન,
સાર્વભૌમત્વ આખા વિશ્વ પરે,
તુજ થકી ડરતા જડ ચેતન વિશ્વના.
(ચેતન તો ડરે છે પણ જડ પણ ડરે છે. એને પણ ઉથલપાથલ કરી નાખે એ ધારે તો)
તુજ અમીમય આંખને પામવા
તલસતા માનવીઓ વિશ્વમાં.
(તારી આંખનું એક કિરણ પામવા માનવીઓ તલસે છે.)

[ આધ્યાત્મિક કેડી, ઑક્ટોબર, '૯૪



Scanned by CamScanner

તુજને પામવા માનવીઓ
તિલક કરે, માળા કરે, મંદિરે ફરે,
આખી જિંદગી ફરતા રહે,
તુજ તણું એક કિરણુ નવ પામતા.

* * *

તું દયાની સાગર, પહાડ સરીખી,
કર્મો તણાં માપ થકી તોલમાપ કરતી.

(તું દયા છે, પહાડ છે, પણ શું કરે છે, કર્મો મુજબ તોલમાપ કરીને આપે છે.)

તોલમાપ તારું ભારે પડે જગતનાં માનવીઓને,
છું માત, સરળ રસ્તો બતાવ ને,
જગત તણા માનવીઓને !

(તું આ તોલમાપ કરે છે, સરળ રસ્તો બતાવી દે કે માણસોએ શું કરવું ?)

* * *

---

"આ જગતમાં માનવીઓ ગમે તે કર્મ કરે, સુકૃત્ય અથવા દુષ્કૃત્ય, તે પરમ તત્ત્વના ચોપડે જમા થઈ જાય છે."

---

હવે આ મારો ને માતાજીનો વાર્તાલાપ છે. મને ખબર પડી કે ૧૯૭૨થી મારી સાથે છે ને અત્યાર સુધી મારી સાથે છે તો હું એના કેટલા ઋણમાં કે મારો જન્મ થયો ત્યારથી મારી સંભાળ એમણે સ્વીકારી લીધી એનો વાર્તાલાપ છે :

હું જાણી શકયો તુજ થકી, મુજ કાજ તેં શું શું કર્યું.

('૭૬થી ખબર હતી, પણ આગળના વર્ષોની જાણ ન હતી. તેં મને જણાવ્યું કે શું શું કર્યું છે.)

જન્મથી આજપર્યન્ત મુજ સાથમાં,
મુજ થકી બની શકયું ન કાંઈ તારું,
નથી સામર્થ્ય તવ ઋણ ચૂકવી શકું,
તુજ ઋણ ચૂકવવા 'સૈનિક' ને 'બાળ' તવ ચરણે.

હવે માતાજી મને કહે છે :

માત કહે,



Scanned by CamScanner

છું બાળ તું મુજ તણો, ન માનીશ ઋણમાં તને તું,
માની શકું તો ઋણમાં છું હું, પારકી થાપણ મુજ હાથમાં.

(મારો જન્મ પરસનબાએ આપ્યો, પણ માતાજીએ મને લઈ લીધો એટલે એમણે પારકી થાપણ લઈ લીધી.)

હવે આગળ કહે છે :

સહી નથી પ્રસવ તણી પીડા
બાળ કાજ સર્વ કાર્ય કીધાં જગતમાં,
જન્મથી આજપર્યંત સંભાળી તુજ ધુરા,
સંભાળતી રહીશ.

*　　　　*　　　　*

ખુદ જન્મી ન શકે પરમ તત્ત્વ જગતમાં

(પરમ તત્ત્વને આવવું હોય તો ખુદ તો આવી ન શકે.)

માધ્યમ દ્વારા પરમ તત્ત્વ તણો અંશ જગતમાં,

(કોઈ માધ્યમ લેવું પડે, ક્યાં અંશને મોકલવો પડે.)

તું છું મુજ અંશ જગતમાં, આવી પડે ફરજ દેખભાળ તણી.

(તને મારા અંશ તરીકે મોકલ્યો છે માટે મારી ફરજ છે કે તારી દેખભાળ મારે રાખવી. એવું માતાજી કહે છે.)

*　　　　*　　　　*

કાયમ હું છું તુજ વિરહમાં,

(એ વિરહ કેવો ?)

આંખો રડે, આંસુ ન વહે,
હૃદય સળગે, હાસ્ય મુખ પરે.

(આ માતાજીનો વિરહ)

અલૌકિક પરમ તત્ત્વના પ્રેમનો તંતુ,
હૃદય સમજી શકે,
આંખો નિહાળી શકે,
કર્ણો સુણી શકે,
મસ્તક ઝૂકી જાયે,
સમર્પણ ખુદનું આવી પડે.



Scanned by CamScanner

( આ વિરહ – આ પરમ તત્ત્વના પ્રેમની વાત કરું છું. સાંસારિક પ્રેમની વાત નથી કરતો. )

ચોરી છૂપીથી આવું તુજ પાસ
સ્વપ્ન તણી દુનિયામાં આનંદ લૂંટું તુજ સાથ.

હવે સ્વપ્ન તણી દુનિયામાં કેવો કેવો આનંદ લૂટયો છે તે સંભળાવું છું તેમની રજાથી —

કરું સર્વ કાર્ય અગોચર રૂપે,
મુજ મર્યાદા ગોચરમાં આવી ન શકું,
છું પરમ તત્ત્વ, છે માતૃહૃદય,
સમજી લેજે હકીકત બાળ મારા.

* * *

"સાચો સંત તમારા કોઈ પણ કાર્ય માટે કાંઈ બોલતો નથી. પરંતુ સત્કર્મ કરો તો ચોક્કસ ખુશી થાય. પરંતુ કોઈ ખરાબ કર્મ કરો તો તે સાચો સંત કાંઈ પણ બોલશે નહિ પરંતુ તે મૌન રહી સામા માણસને સુધરવાનો અણસાર આપશે."

## ઘોડો બનાવ્યો

સ્વપ્નમાં અનેરી બાબત છે. ૧૯૭૬ પછીનાં વર્ષોમાં એક દિવસ માતાજી આવ્યાં ને કહે, "તું ઘોડાની જેમ થઈ જા." હું ઘોડાની જેમ થઈ ગયો. પરંતુ હું એકદમ નાનો થઈ ગયો.

મને થયું કે માતાજી મારા બરડા પર બેસશે તો હું દબાઈ જ જઈશ. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે તેઓ મારા બરડા પર બેઠા અને હું દસ મિનિટ ફર્યો. પરંતુ તેમનું વજન એક તુલસીના પાન જેટલું લાગ્યું હતું. જરા પણ વજન નહિ. આથી મેં પૂછ્યું કે "આપ બેઠાં છો કે કેમ?"

તો નીચેથી બે પગ અને ઉપરથી બે હાથ અડાડીને કહે કે, "બરાબર બેઠી છું."

મેં કહ્યું, "આપનું વજન જરા પણ લાગતું નથી." તેઓ કંઈ બોલ્યાં નહિ.

આ તો બાળલીલાની વાત થઈ. પરંતુ મારી સમજ મુજબ તો આપણો ભાર પરમ તત્ત્વ પર હોય છે. આપણા પર તેમનો ભાર હોતો નથી.

* * *

## તને મારવો છે.

માતાજી સ્વપ્નમાં પધાર્યાં. મારી સાથે થોડી વાર ગેલ-ગમ્મત કરી. પછી મને કહે, 'ઊભો રહે. મારે તને મારવો છે." મેં કહ્યું, "આ ઊભો રહ્યો, મારો." પછી તેમણે મારવાનું શરૂ કર્યું. પણ રૂના દડાનો સ્પર્શ થાય તેવો જ સ્પર્શ તેમના હસ્તનો થતો હતો. મારી સાથે આવી બાળલીલા તેઓશ્રી કરતાં હતા.

## સ્નાન કરાવ્યું !

તેઓશ્રી પધાર્યાં અને કહે, "આજે મારે તને સ્નાન કરાવવું છે." મેં કહ્યું, "હાજર છું." પછી તેમણે મને એકદમ નાનો એટલે કે એકાદ વર્ષનો બનાવી દીધો ને મને સ્નાન કરાવવા માંડ્યું. સ્નાનમાં સાબુની જગ્યાએ તેમણે દૂધની મલાઈમાં હળદર ભેગી કરીને આખા શરીરે લગાડી. પછી પાણી નાંખી તે સાફ કરી દીધું. આખું શરીર ટુવાલથી સાફ કરી દીધું. ત્યાર બાદ મને મારા અસલ રૂપમાં લાવી દીધો.

આવો અમારો 'મા-બાળ'નો સંબંધ છે.

* * *

## ગેડી-દડો રમ્યાં

માતાજી આવ્યાં. કહે, ગેડી-દડા રમવા છે. હું તૈયાર થઈ ગયો ને લગભગ બે કલાક સુધી ગેડી-દડા રમ્યા. મને નાનો દસ વર્ષનો બનાવી દીધો હતો. હું થાકી ગયો. હું બેસી ગયો. એટલે એમણે બરડે અને આખા શરીરે હાથ ફેરવ્યો કે થાક દૂર થઈ ગયો.

જે આખા વિશ્વને રમાડે તેને રમવાની શી જરૂર ! પરંતુ મારી સાથે સ્વપ્નમાં આનંદ લૂંટે ને બાળલીલા કરે, ને કરાવે.

એનો અર્થ એવો લેવાનો કે, પરમ તત્ત્વ આપણી તરફ હાથ તો શું, એક રહેમ નજર કરે તો પણ બધું દૂર થઈ જાય. રહેમ નજર બહુ થઈ જાય.

બીજા પ્રસંગો માતાજી મને રજા આપશે તો હું રજૂ કરીશ.

મને થયું કે મેં તો માતાજીને થોડી વિનંતી કરીને માતાજી આટલાં બધાં નરમ થઈ ગયાં ને આવું બધું કહ્યું તો હું પણ માતાજીને કંઈ કહું, તેથી હું કહું છું —

હે માત,
મુજ થકી તુજ હૃદય બન્યું આર્દ્ર !
આવું ન કરીશ, મુજને દુઃખ થાય,
છે, આ અલૌકિક સંબંધ મા-બાળ તણો,
ન કોઈ, કોઈના ઋણમાં,
તું છું માત મારી,
હું છું બાળ તારો,
સદા રહું તુજ સ્મરણ ને સાન્નિધ્યમાં.

અહીં માતાજીનો ને મારો વાર્તાલાપ પૂરો થઈ ગયો. આ જગતના માનવીઓ માટે લખ્યું છે :

માત તુજ પાસ આવિયો
આવિયો, કશુંક લઈને આવિયો. (હું શું લઈ જાઉં !)

[ આધ્યાત્મિક કેડી, ઓકટોબર '૯૪



Scanned by CamScanner

જગત તણા માનવીઓના દુઃખ દર્દ લાવીયે,
બસ, કર સહી આ કાગળમાં ભાગે દુઃખ દર્દ પળવારમાં.

(તું સહી કરી આપ કે જગતના દુઃખદર્દ ચાલી જાય.)

---

"મને થયું કે માતાજી મારા બરડા પર બેસશે તો હું દબાઈ જ જઈશ. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે તેઓ મારા બરડા પર બેઠાં અને હું દસ મિનિટ ફર્યો. પરંતુ તેમનું વજન એક તુલસીના પાન જેટલું જ લાગ્યું હતું."

---

હવે માતાજી માટે મેં લખ્યું છે પણ હું એમનો બાળ છું માટે લખ્યું છે. મેં પરમ તત્ત્વને લખ્યું છે કે તમે તમારી સંભાળ રાખજો. એવું આપણાથી ના કહી શકાય, ના કહેવાય. પરમ તત્ત્વ આખા વિશ્વની સંભાળ રાખે, આખા જગતની સંભાળ રાખે છે. એને આપણેના કહી શકીએ પણ હું એનો બાળ છું એ વાતે લખ્યું છે :

હે માત,
વિશ્વ તણી જવાબદારી તુજ શિરે,
નિશદિન વ્યસ્ત કામકાજમાં, ફુરસદ નવ મળે,
દોડાદોડ અહીં તહીં માનવો કાજ.
બાળ છું તેથી કહું, દેખભાળ રાખજે તુજ શરીર તણી.

(હું તારો બાળ છું. માતા માટે કોઈ પણ બાળકને થાય કે મારી માતાની દેખભાળ રહેવી જોઈએ.)

આવજે આરામ કાજ મુજ પાસમાં,
ખબર નહિ આપું, જગત તણાં માનવીઓને.
કંઈ કામ ચીંધું નહિ
શિસ્તબદ્ધ સૈનિક બાળ
ઊભો હશે, ખડે પગે સેવામાં.

(તું જ્યાં સુધી રહીશ ત્યાં સુધી ૨૪ કલાક, ૪૮ કલાક, તું જ્યાં સુધી રહીશ, હું ખડે પગે તારી ચોકી કર્યા કરીશ.)

માતાજીને મેં મારા માટે લખ્યું હતું – જગત માટે નહીં.

દુનિયા તણા દુઃખ દર્દને આવવા દેજે
દુઃખ દર્દ તણી દવા થઈને તું આવજે.

માતાજીનો ૧૯૭૨નો પયપાનનો પ્રસંગ ઉદ્દેશીને આ લખ્યું છે. એ વખતે દવા લઈને એ આવી. મને જીવનદાન એણે આપ્યું એથી કહું છું દુઃખ-દર્દની દવા લઈને આવજે.

આ જનરલ લખ્યું છે :

છે આ રંગભૂમિ દુનિયા તણી,
પાત્રો આવે, ભાગ ભજવે, અદૃશ્ય થાય,
ચિરંજીવ પાત્ર તે બને, જે સફળ અભિનય કરી શકે.

(દુનિયા એક રંગમંચ છે. એ રંગમંચની ભૂમિ પર તમે પણ એક નાટકનાં પાત્રો છો. તમને જે કાર્ય સોંપ્યું છે કે રંગમંચ પર કેવાં પાત્રો ભજવો છો એના પર સફળતા-નિષ્ફળતાનો સંબંધ છે. મારું આ કહેવું છે.)

તમો સર્વ મારાં,
હું તમારા હૃદયમાં,
પરત થાશો, હું તમારા નયનમાં.

(બીજું શું કરજો એ તમને કહું છું.)

અહર્નિશ વાસ કરાવો,
માતને તમ હૃદયમાં ને નયનમાં,
સાક્ષાત્ નહિ તો, સ્વપ્નમાં આવશે.

(આ તો થયું, પણ પછી શું ?)

બીજા જન્મે દેખભાળ રાખશે.
અગ્નિ અને પાણી
અલગ બે છેડા,
અગ્નિ માંહી પાણી ગુણધર્મ બદલે
સંસાર અગ્નિ સરીખો,
સંત પાણી સરીખા.

મારા ઉપરોક્ત વક્તવ્યમાં કૌંસમાં આપેલી બાબતો વાચકોની સમજણ ખાતર રજૂ કરી છે. એ મારો દૃષ્ટિકોણ છે, જેના આધારે મેં લખ્યું છે.

□

* તા. ૭-૯-'૯૪ના રોજ પૂ. રાજયોગી નરેન્દ્રજીના જન્મદિવસની ઉજવણી પ્રસંગે ભક્તોને તેમણે કરેલું સંબોધન.



Scanned by CamScanner

# ઝૂલાનો મર્મ

હેમંત ઉપાધ્યાય

પૂજ્ય ગુરુદેવ સામાન્ય રીતે કુટિરમાં ઝૂલા પર બેસીને સત્સંગ કરતા હોય ત્યારે એક વિચાર આવ્યો કે ગુરુદેવે બીજા સંતોની માફક ગાદી, પાટ, ખુરશી વગેરે કેમ પસંદ નહિ કર્યા હોય ? શાથી એમણે ઝૂલો જ પસંદ કર્યો ? એનો મર્મ સમજવાનો મારી રીતે કલ્પનાસભર કરેલો પ્રયત્ન અહીં રજૂ કરું છું.

ઝૂલો એ બ્રહ્માંડનું પ્રતીક છે. ઝૂલા પર ગોઠવેલાં નળિયાં મનુષ્યની ૮૪ લાખ યોનિઓનો સંકેત કરે છે અને ઝૂલાના જે ચાર પાયા છે એ મનુષ્યજીવનની ચાર અવસ્થાઓ દર્શાવે છે : બાલ્યાઅવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા.

પહેલા બે પાયા (બાલ્યાવસ્થા અને યુવાવસ્થા)ની વચ્ચે જે સળિયાનું પ્રતીક છે તેમાંના બે આડા સળિયા, જે બે પાયા સાથે જોડાયેલા છે તે શ્રદ્ધા અને શરણાગતિ. આ અવસ્થામાં જ આ બે સદ્‌ગુણ ખીલી શકે. બાળકને માતામાં શ્રદ્ધા હોય અને યુવકે અભ્યાસમાં એટલે કે શિક્ષકમાં શ્રદ્ધા રાખવી જોઈએ. આ બે સળિયાની વચ્ચેના નવ સળિયા, નવધા ભક્તિ એટલે કે ભક્તિના નવ પ્રકાર દર્શાવે છે. જેવી અનુકૂળતા હોય તેવી ભક્તિ કરો અને ભક્તિ કરશો તો વચ્ચે રહેલા કમળ જે આનંદનું પ્રતીક છે તે આનંદ પામી શકશો.

બીજા બે પાયા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થાની વચ્ચે જોડાયેલા બે આડા સળિયા પૂજ્ય ગુરુદેવ અને મા ગાયત્રીના પ્રતીક છે અને તેની અંદર રહેલા નવ સળિયા ગુરુદેવના નવ સિદ્ધાંતો દર્શાવે છે. અને તે સમજાવે છે કે નવ સિદ્ધાંતો જીવનમાં ઊતારો અને ગુરુદેવ – મા ગાયત્રી સાથે જોડાઈને તેના દ્વારા જીવનની આ પાછલી અવસ્થામાં પુણ્ય પ્રાપ્ત કરો. આ જોડાણ પ્રાપ્ત કરી શકો તો વચ્ચે રહેલું કમળ જે સંતોષનું પ્રતીક છે, તે સૂચવે છે કે પાછલી અવસ્થામાં સંતોષ પ્રાપ્ત કરી શકો.

આ ચારેય પાયાને જોડતી મોટી પાઈપ એ સૃષ્ટિનું પ્રતીક છે. અને તેની સાથે જોડાયેલાં બે કડાં પુરુષ અને સ્ત્રી સૂચવે છે. એ બતાવે છે કે પુરુષ અને સ્ત્રી (નર અને માદા) એ સૃષ્ટિના અભિન્ન અંગો છે.

પુરુષના કડા સાથે જોડાયેલી બે સાંકળો એ અર્થ અને કામની છે. પુરુષો મોટે ભાગે પૈસા પાછળ અને વાસના પાછળ મોટું જીવન ખર્ચી નાંખતા હોય છે અને સ્ત્રીનાં કડાં સાથે જોડાયેલી બે સાંકળ ધર્મ અને મોક્ષની છે. બહેનો ધર્મપ્રેમી તથા ધર્મમાં અખૂટ શ્રદ્ધા રાખનારી હોય છે અને હંમેશાં પોતા માટે તથા પોતાનાઓ માટે પરમાત્મા પાસે મોક્ષની પ્રાર્થના કરતી હોય છે.

આ ચારેય સાંકળો સાથે જોડાયેલું બેઠકનું પાટિયું ભક્તિનો સંદેશ આપે છે. જીવનના ચાર લક્ષ્યો (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)માં પણ ભક્તિને ભૂલો નહિ. એ ભક્તિના પાટિયા પર પાથરેલી ગાદી સંકલ્પ અને મનોબળ સૂચવે છે. ભક્તિનું પહેલું પગથિયું છે સંકલ્પ. અને એટલે જ ગુરુદેવ સૌને ત્રણ માળાનો સંકલ્પ આપે છે. એ ગાદી પર બંને બાજુ રહેલા નાના ગોળ તકિયા પત્ની તથા બાળકોનાં છે. જીવનમાં ભક્તિ જરૂર કરો પણ પત્ની પ્રત્યેની તથા બાળકો પ્રત્યેની તમારી જવાબદારીઓ, ફરજો પૂરી કરીને જ ભક્તિ કરો.

ઝૂલાની બેઠક સાથે જોડાયેલું પીઠનું પાટિયું ભગવાનનું પ્રતીક છે. એ સૂચવે છે કે ભક્તની સાથે જ ભગવાન જોડાયેલા છે. ભક્ત બેસી શકે પણ ભગવાન તો ઊભા જ રહેશે. એના પર મુકાયેલા બે ચોરસ તકિયા છે જપ અને તપના. ભક્તિમાં આગળ વધવા માટે, ભગવાનની ઉપાસના કરવા માટે



Scanned by CamScanner

જરૂરી છે જપ અને તપ. આ બધા ય ઉપર એક ચાદર પાથરેલી છે, જેને આવરણ કહેવામાં આવે છે. આ આવરણ બતાવે છે કે ભક્તિને, જપને, તપને આવરણની જરૂર છે. ભક્તિને ઢાંકો એનું પ્રદર્શન ન કરો.

આ આવરણની ઉપર બેઠક પાસે બીજા બે તકિયા મૂકેલા છે, જે માતા-પિતાના છે. મા-બાપને સાથે રાખીને, એમનો આદર સત્કાર કરીને, એમની યથાયોગ્ય સેવા કરીને ભક્તિ કરો તો જ તે સાચી ભક્તિ. બાકી મા-બાપને ઠુકરાવે, અપમાનિત કરે અને ભક્તિના અંચળા ઓઢે એની ભક્તિ ભગવાન પણ પસંદ ન કરે. અને પીઠનો તકિયો છે ઇષ્ટદેવનો એટલે કે મા ગાયત્રીનો. એ કમર સાથે જોડાયેલો છે જે કહે છે કે જેમ ભક્તિમાં કમર સીધી રાખવી પડે એમ જીવનમાં વ્યવહાર સીધો અને સરળ રાખો. વળી કમર (કરોડરજ્જુ) મગજ સાથે જોડાયેલી છે એટલે મન નિર્મળ અને બુદ્ધિને સન્માર્ગમાં વાળો.

જેનું મન સ્વચ્છ અને વ્યવહાર સરળ તે હંમેશાં પ્રભુની નજીક હોય છે.

એક પ્રશ્ન થાય કે શું પ્રભુ પાસે પીઠ રાખીને બેસી શકાય? તો હું માનું છું કે એ થઈ શકે, એનાં કારણો છે: (૧) ભગવાન કહે છે કે તું આગળ ચાલ અને હું તારી પાછળ જ છું. પણ તારામાં ચાલવાની હિંમત ન હોય તો હું શું કરું? (૨) ભગવાન હમેશાં ઇચ્છે છે કે મારો ભક્ત પહેલો પૂજાય અને પછી હું. એટલે જ ભગવાન હંમેશાં ભક્તની યશગાથા વધે એવા પ્રયત્ન કરે. (૩) પૂ. ગુરુદેવ એવું વિચારતા હશે કે હું જ્યારે મા ગાયત્રીની નજીક બેઠો હોઉં ત્યારે પણ મારી દૃષ્ટિ, મારા શિષ્યો સામે હોય, મારા શિષ્યો, મારી અમી દૃષ્ટિના વર્તુળની બહાર ન જાય અને, (૪) મા ગાયત્રી પાસેથી મને જે કંઈ મળે તે સીધું જ હું મારા શિષ્યોને આપી દઉં. તો આપણે આ ઝૂલાનો મર્મ સમજીએ અને જીવનમાં પચાવવાનો પ્રયત્ન કરીએ તથા ઝૂલે બેઠેલા ગુરુદેવની અમી દૃષ્ટિના વર્તુળમાં જ રહીએ એવી મા ગાયત્રીને પ્રાર્થના. □

## ઝૂલો એટલે ?

રાજયોગી નરેન્દ્રજી

વિખૂટાં પડયા તમ થકી વિયોગ આવી પડે, સંયોગ થાતો ઇંગ્લેંડ તણાં મનુજોનો,
જગત મહીં દિન-રાત સરકયા કરે, સંયોગ ને વિયોગની પળો આવી પડે.

તમારા તરફથી વિખૂટા પડયા બાદ આપણી વચ્ચે વિયોગ આવી પડશે જ્યારે ઇંગ્લેંડવાસીઓને મારો સંયોગ થશે.

જગતની અંદર દિન-રાત ફર્યા કરે છે, જેના થકી જગતમાં એક બાજુ દિવસ હોય ત્યારે બીજી બાજુ રાત હોય તેવી રીતે મારી આવનજાવન અહીંના અને ઇંગ્લેન્ડવાસીઓને સંયોગ ને વિયોગ અર્થાત દિન અને રાત જેવી આવી પડે છે.

આજે સાતમ છે. કાલે આઠમ છે. સાત વત્તા આઠ પંદર થાય. એનો અર્થ એવો કરું છું કે ઇંગ્લેન્ડ ૧૫ વખત જઈ આવ્યો છું. અને આ સોળમી વખત જઈ રહ્યો છું.

બીજું સાત એટલે મારી જન્મ તારીખ - અંગ્રેજી તારીખ અને ગુજરાતી તારીખ પ્રમાણે આઠ. એટલે મારો જન્મદિવસ આવે છે. આ એક યોગાનુયોગ છે. મારે મારી ફરજ ને સેવાની રૂએ જવું પડે છે. માતાજીએ જે કાર્ય મને સોંપ્યું છે તે કાર્ય બજાવવા સારુ જ મારે જવું પડે છે.

મારી ગેરહાજરી દરમ્યાન તમને બધાને મારો વિરહ ન લાગે તેવું વાતાવરણ ઊભું કરજો ને આનંદથી રહેજો. જીવનમાં નિયમિત થવા પ્રયત્ન કરજો. નિયમિત એટલે જેમ ઓફિસમાં આવવા ને



Scanned by CamScanner

જવાનો સમય નક્કી હોય છે એ રીતે જીવનમાં દરેક કાર્યો નિયમિત રીતે કરવાં. દા. ત., ખાવામાં, પીવામાં, ફરવામાં. એ રીતે જીવનના દરેક ક્ષેત્રમાં નિયમિત રહેવું જરૂરી છે.

દા. ત., તમારે ટ્રેનમાં દિલ્હી જવું છે અને તે ટ્રેનનો ઉપડવાનો સમય સાંજના આઠ વાગ્યાનો છે ને તમે આઠને દસ મિનિટે સ્ટેશન પર પહોંચ્યો તો તે ટ્રેન તમારી રાહ નહિ જુએ. તે તો તેના નિર્ધારિત સમય મુજબ ઊપડી જશે. અને તમોને સ્ટેશન ઉપરનો નાહકનો ધક્કો, સમયનો બગાડ થશે. અને ફરીથી જવા માટેની એ જ વિધિ થશે. જો તમે જીવનમાં નિયમિત રહ્યા હો તો આવું નહિ બને જીવનમાં વ્યવસ્થિત ન રહો તો જગતની અને સંસારની ગાડી પણ ચૂકી જવાય છે ને પાછળથી પસ્તાવાનો વખત આવે છે. રેલવે સ્ટેશનની ગાડી તો બીજે દિવસે મળશે પરંતુ જગત ને સંસારની ગાડી ચૂકયા તો ભાગ્યે જ બીજી તક આવે. સંતો, મહાત્માઓ, જ્ઞાની પુરુષો વારંવાર ટકોર કર્યા કરે છે, પણ સંસારના માનવીઓ ભાગ્યે જ તેની દરકાર કરે છે ને જાતે દુઃખી થાય છે. એમાં વાંક કોનો ? પરમ તત્ત્વનો નહિ, માનવીનો પોતાનો છે.

દા. ત., દુર્યોધનને બધા જ જ્ઞાની પુરુષોએ યુદ્ધ ન કરવા સમજાવ્યો હતો. પરંતુ તે ન માન્યો. રાવણને મંદોદરી ને વિભીષણે ખૂબ સમજાવ્યો પણ તે ન માન્યો ને અંતે શું થયું તે તમને બધાને ખબર છે. તેથી જીવનમાં નિયમિત થવું જરૂરી છે.

ભાઈશ્રી ઉપાધ્યાયભાઈએ ઝૂલા માટે આધ્યાત્મિક અર્થઘટન બહુ જ સુંદર રીતે આબેહૂબ ને ભક્ત-હૃદયને સ્પર્શી જાય તે રીતે કરેલ છે. તેમનું વ્યક્તિત્વ પણ બહુ સરસ છે.

પરંતુ મારા મંતવ્ય મુજબ ઝૂલો એટલે શું ?

ઝૂલો એટલે બીજાનો ભાર પોતે જાતે વહન કરીને બીજાને ઝુલાવે તે ઝૂલો. અને બીજાને ઝુલાવીને આનંદ આપે. આટલું જ જો સંસારી મનુષ્યો જીવનમાં ઊતારે તો અડધી દુનિયા શાંત થઈ જાય. અડધી દુનિયાનો પ્રશ્ન ઉકલી જાય, પરંતુ વિચારવાનો, સમજવાનો સમય કોઈની પાસે નથી.

બીજો, નાના બાળકને જ્યારે તેની માતા પારણામાં નાખી ઝૂલાવે છે ને બાળક આનંદથી નીંદરમાં સરી જાય છે તેવી જ રીતે હું બાળ છું ને માતાજી મને અંતરિક્ષ રીતે ઝુલાવે છે તેવી ભાવનાને લઈને હું આનંદમાં સરી પડું છું. તમો પણ બધા આવી ભાવના કેળવો તો તમને પણ આનંદ આવશે ને તમે પણ ઝૂલામાં શાંતિથી નીંદરમાં સરી જશો.

વળી, ઝૂલો એટલે 'જ'નો અર્થ મારી ડીક્ષનરીમાં છું, 'ઝ'નો અર્થ ઝભલું. અને 'લ' એટલે લાલો. શ્રીકૃષ્ણ – એટલે ઝૂલા પર જે બેસે, ઝભલું પહેરીને જે બેસે એટલે બાળક જેવું અને કૃષ્ણ એટલે મોટા જેવું. નાના બાળક જેવું અને મોટા કૃષ્ણ જેવું થવું પડે. જે ઝૂલા પર બેસે તે બાળક જેવું હૃદય કેળવે ને કૃષ્ણ જેવું હૃદય કેળવે. એટલે હૃદય કોમળ પણ રાખે ને વજ્ર સરખું પણ રાખે. એટલે બે રીતે રહેવું પડે. નાના બાળક અને કૃષ્ણ જેવું. આમ બંનેનો સમન્વય થવો જરૂરી છે.

કાલે સવારમાં હું જઈ રહ્યો છું પરંતુ ૨૩–૧–'૯૪ના રોજ હું આવી પહોંચીશ. આપ બધા સારુ દૂર રહ્યે રહ્યે પણ છત્રી ધરીશ. મારા આપ સર્વને આશીર્વાદ છે.*

☐

* ૧૯૯૩ના ડિસેમ્બરમાં લંડન જતાં અગાઉ 'શ્રદ્ધા' કુટિરમાં પૂ. રાજયોગી નરેન્દ્રજીએ કરેલું સંબોધન.



Scanned by CamScanner

# સમાચાર

૧. તા. ૪-૧૧-'૯૪ શુક્રવારે **બેસતું વર્ષ** છે. પૂજ્ય શ્રી રાજયોગીજીના દર્શનનો લાભ 'શ્રદ્ધા' કુટિરમાં : **સમય : સવારે ૯ થી** ૧૨ અને **સાંજે ૬ થી** ૮ વાગ્યા સુધી.

૨. તા. ૧૫-૧૧-'૯૪ થી તા. ૧૬-૧૧-'૯૪ મંગળ-બુધવારે નાગપુરમાં કાર્યયજ્ઞ છે.
તા. ૧૭-૧૧-'૯૪ ગુરૂવારે પંચકુંડી મહાયજ્ઞ છે. સવારે ૯ થી ૪ વાગ્યા સુધી.
**મુલાકાતનો સમય** : બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી. **સ્થળ** : શ્રી વજુભાઈ ગગલાણી, ૯, ન્યુ, ઇતવારી કો. ઓ. સોસાયટી, ઈતવારી પોસ્ટ ઓફિસ પાછળ, નાગપુર.

૩ તા. ૧૯-૧૧-'૯૪ થી તા. ૨૦-૧૧-'૯૪ શનિ-રવિવારે પૂજ્યશ્રીનો મુંબઈમાં કાર્યયજ્ઞ.
**સમય** : બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી. **સ્થળ** : જોષી નારણદાસ લક્ષ્મીદાસની વાડી, ૭૯-૮૧ બોરા બજાર શેરી, ફોર્ટ, મુંબઈ.
તા. ૨૧-૧૧-'૯૪ સોમવારે બોરીવલી (મુંબઈ)માં કાર્યયજ્ઞ : **સમય** : બપોરે ૧૨ થી ૪.
**સ્થળ** : શ્રી હનુમાન મંદિર હોલ, બા-ભાઈ નાકા, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૯૨

૪. તા. ૨૬-૧૧-'૯૪ શનિવાર પૂજ્યશ્રીનો ભાવનગરનો કાર્યયજ્ઞ : **સમય** : બપોરે ૧૨ થી ૪
**સ્થળ** : ગોદાવરીબા ઔદિચ્ય મહિલા છાત્રાલય, ગાંધીસ્મૃતિ પાસે, ભાવનગર
તા. ૨૯-૧૦-'૯૪ થી તા. ૩૦-૧૧-'૯૪ સુધી 'નિલોપા' પર પૂજ્યશ્રીની મુલાકાત બંધ રહેશે.

૫. તા. ૪-૧૨-'૯૪ રવિવાર, અમદાવાદમાં પંચકુંડી મહાયજ્ઞ : **સમય** : સવારે ૯ થી ૪
શ્રી ધનસુખભાઈ મિસ્ત્રી, ૧૯/૧, તીર્થનગર સોસાયટી, ભુયંગદેવ ચાર રસ્તા, સોલારોડ, અમદાવાદ

૬. તા. ૯-૧૨-'૯૪ શુક્રવારે માતાજીનો પાટોત્સવ છે. પૂજ્યશ્રીના દર્શન અને સત્સંગનો લાભ 'શ્રદ્ધા' કુટિરમાં સાંજે ૬ થી ૮ વાગ્યા સુધી મળશે.

૭. તા. ૧૩-૧૨-'૯૪ થી તા. ૨૨-૧૨-'૯૪ અને તા. ૩-૧-'૯૫ થી તા. ૧૩-૧-'૯૫ સુધી.
પૂજ્યશ્રીનો ઇંગ્લેન્ડનો કાર્યયજ્ઞ છે.
તા. ૧૬-૧૨-'૯૪ થી તા ૧૮-૧૨-'૯૪ : શુક્ર, શનિ, રવિવાર – **લંડનમાં કાર્યયજ્ઞ**
તા. ૬-૧-'૯૫ થી તા. ૮-૧-'૯૫ : શુક્ર, શનિ, રવિવાર – **લેસ્ટરમાં કાર્યયજ્ઞ**

૮. તા. [illegible]-૧૨-'૯૪ થી તા. ૨-૧-'૯૫ સુધી પૂજ્યશ્રીનો અમેરિકાનો કાર્યયજ્ઞ છે.
તા. ૨૪-૧૨-'૯૪ થી તા. ૨૬-૧૨-'૯૪ શનિ, રવિ, સોમવારે **યુનીયન સીટી, ન્યુજર્સી**
**સમય** : સાંજે ૬ થી ૮ આયોજક : શ્રી રતિલાલ મિસ્ત્રી, ટે. નં. ૨૦૧-૮૬૫-૭૨૮૨
તા. ૨૭-૧૨-'૯૪ થી તા. ૨૯-૧૨-'૯૪ મંગળ, બુધ, ગુરૂવાર – **એડીસન, ન્યુજર્સી**
**સમય** : સાંજે ૬ થી ૮ વાગ્યા સુધી.
આયોજક : શ્રીમતી દેવબાળા કીરીટભાઈ પટેલ, ટે. નં. ૯૦૮-૩૮૮-૨૪૬૧

નોંધ : (૧) તા. ૧-૧૨-'૯૪ થી તા. ૯-૧૨-'૯૪ સુધી 'નિલોપા' પર પૂજ્યશ્રીની મુલાકાત **ચાલુ રહેશે.**
(૨) તા. ૧૦-૧૨-'૯૪ થી તા. ૧૮-૧-'૯૫ સુધી 'નિલોપા' બંધ રહેશે.
(૩) તા. ૧૯-૧-'૯૫ થી 'નિલોપા' પર પૂજ્યશ્રીની મુલાકાત રાબેતા મુજબ ચાલુ થશે.

□



Scanned by CamScanner

# ✻ મારા જીવનનાં નવ સૂત્રો ✻

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિઃસહાયને સહાય કરવી.

૩. દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઈની ઇર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિઃસ્વાર્થ સેવા કરવી.

૯. અહમનો ત્યાગ કરવો.

— રાજયોગી નરેન્દ્રજી

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ–૩૮૦ ૦૦૭

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, કે સમ્પ્રદાયનાં બંધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમ શક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોપા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ–૧૫.

સમય : બપોરના ૧૨–૦૦ થી ૨–૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ–રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે. પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક–માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. જળ લેવા ઇચ્છનારે ખાલી સ્વચ્છ બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner